॥ શ્રીહરિઃ ॥

# આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ્

પ્રસ્તુત કરે છે :

મંગલા થી શયન સુધીના શીતકાલના નિત્ય પદ

# શીત કાલ સુહાવનો



કીર્તનકાર :
શ્રી જમનાપ્રસાદ શર્મા

ઉદ્ઘોષક :
શ્રીમતી કલ્પનાબેન શાહ

(કેસેટ આવૃતિ)

Scanned by CamScanner

શ્રી હરિઃ

# પરિષદ કાર્ય – ભગવદ્ સેવા

"નિર્ણાયક ઘડી આવી પહોંચી છે. અસ્તિત્વનો પ્રશ્ન છે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદનું પ્રત્યેક કાર્ય ભગવદ્ સેવા છે. પ્રત્યેક વૈષ્ણવ વારંવાર વિચાર કરે કે આ પુષ્ટિમાર્ગીય સંગઠન માટે હું શું કરી શકું તેમ છું ? આ ધાર્મિક સંસ્થા છે. અહીં ભગવાન રહ્યાં છે. આ સંસ્થાના અલૌકિક કાર્યને ભગવદ્ સેવા માની કાર્ય કરો, સેવા માંગવાની હોતી નથી, જાતે શોધી લેવાની હોય છે. કોઇ પણ પ્રકારની અપેક્ષા રાખી પરિષદમાં આવશો નહીં. કામ કરવાનો અહંકાર ન હોય, પણ ભગવદ્ સેવાકાર્ય ન કરી શકવાનો ક્ષોભ જરૂર થવો જોઇએ. સ્વધર્માચરણની દ્રઢતા અને ત્યાગના બળે છેલ્લાં પાંચસો વર્ષથી પુષ્ટિમાર્ગ ટકી રહ્યો છે. ધર્મ માટે સમય નથી એમ જે કહે છે તેમના માટે ભગવાનને પણ સમય નથી હોતો. ધર્મ પ્રત્યેના સ્વકર્તવ્યપાલનથી ભગવાન જાતે જ ચાલ્યા આવે છે."

**નિ. લી. પૂ. પા. ગો. શ્રીરણછોડાચાર્યજી**

**(શ્રીપ્રથમેશજી)**

Scanned by CamScanner

શ્રી હરિ :

॥ શ્રી ક્રિષ્ણ : શરણં મમ્ ॥

નાહં વસામિ વૈકુંઠે યોગિનામ્ હ્રદયે ન ચ ।

મદ્ ભકતા : યત્ર ગાયન્તિ, તત્ર તિષ્ઠામિ નારદ : ॥

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગિય વૈષ્ણવ પરિષદ દ્વારા સંચાલિત, વલ્લભ કૃપા કીર્તન મડંળ, ષડઋતુઓની કીર્તનોની કેસેટમાલાનું, પ્રથમ મોતી "શ્યામ ઘટા ધીર આયી" પ્રગટ કર્યા બાદ, આજ કેસેટમાલાનું દ્વિતીય મોતી, શીતકાલિન રાગોમાં અષ્ટયામ સેવામાં ગવાતાં કીર્તનોની દ્વિતીય કેસેટ, "શીતકાલ સુહાવનો", પ્રભુની સેવામાં સમર્પિત કરતાં આનંદાનુભાવ અનુભવે છે. દરેક વૈષ્ણવ પોતાના સેવ્ય ઠાકોરજી સમક્ષ, શાસ્ત્રિય પધ્ધતિથી સાંપ્રદાયિક કીર્તનો સમર્પિત કરી શકે, તથા લૌકિકમાં પણ હવેલી સંગીતનું ખોવાયેલું સ્થાન પુન : સ્થાપિત કરી શકાય, એવા ઉચ્ચ હેતુથી વલ્લભ કૃપા કીર્તન મંડળની સ્થાપના ની. લી. પૂજ્ય પાદ સોમયાજી શ્રી પ્રથમેશજી (શ્રીરણછોડાચાર્યજી ) દ્વારા કરવામાં આવી હતી.

એઓશ્રીના સેવક અને આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવપરિષદના સક્રિય કાર્યકર, શ્રી. જમનાપ્રસાદજી શર્મા - આ મંડળના કીર્તનાચાર્ય તરીકે, ઘણાં વર્ષોથી સેવા આપી રહયા છે. સંગીત વિશારદની ઉપાધિ પ્રાપ્ત કરનાર, તેમને વ્રજ કૃષ્ણસેવાશ્રમ મિશનનો પ્રથમ પુરસ્કાર પંડિત નહેરુના હસ્તે મેળવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. એમની જ પ્રેરણા, માર્ગદર્શન અને સૂચનોના ફલસ્વરૂપે આ કેસેટ આજે પ્રગટ થઇ રહી છે. નિરોધ પ્રાપ્તિ માટે પ્રભુની દીવ્ય લીલાઓમાં અવગાહન કરવું અતિ આવશ્યક છે. આ દીવ્ય લીલાઓની અનુભૂતિ માટે કીર્તનો એ અતિ સબળ માધ્યમ છે. આ કીર્તનોના રસપાન દ્વારા.

Scanned by CamScanner

પ્રભુકૃપાથી નિરોધ પ્રાપ્તિ કરી શકાય એ હેતુથીજ "શીતકાલ સુહાવનો " કેસેટમાં પ્રભુનીઅષ્ટયામ સેવાની વિધવિધ લીલાઓને આવરી લેતાં પચાસ જેટલાં કીર્તનો રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે.

વર્ષાઋતુમાં નીત્યનૂતન લીલા કરતાં હરિતપ્રિયાપ્રિયતમની લીલાઓને, ગોકુળવાસીઓએ મન ભરીને માણી ન માણી, ત્યાં તો પ્રભુની સેવા માટે શરદ સખી આવી પહોંચ્યાં? શરદઋતુમાં ગોપાંગનાઓનાં મનોરથને પૂર્ણ કરવા માટે પ્રભુએ શારદિય મહારાસ રચ્યો, આ રાસની રસ સમાધિમાં લીન થયેલાં ગોપાંગનાઓની રસ સમાધિ છૂટી ન છૂટી, ત્યાં તો હેમંત સખીએ પોતાનું સામ્રાજય સ્થાપી દીધું.

હેમંતનું આગમન થતાં જ, વાતાવરણમાં ઠંડીના ચમકારા વરતાવા લાગ્યા. દિવસો ધીમે ધીમે નાના અને રાત્રિ વિશદ થવા લાગી. લીલાંછમ વૃક્ષોનો રંગ ઝાંખો પડવા માંડયો, શીતકાલનું સામ્રાજય પૂર્ણ પણે ફેલાતાંજ ધીમે ધીમે વૃક્ષો પર્ણોનો ત્યાગ કરી નિરાવરણ બની ગયા. જાણે ઠંડીથી રક્ષણ કરવા વૃક્ષોએ ધરતીમાતાને પર્ણોનું ઓઢણ ન ઓઢાડી દીધું હોય ?

વર્ષા અને શરદ સખીનું ગમન, અને હેમંત અને શિશિર સખીનું આગમન, એટલે જ શીતકાલ. પ્રબોધિની એકાદશીથી વસંતના આગમન સુધી શીતકાલનું આધિપત્ય હોય છે. પ્રથમ હેમંતકુજમાં અને ત્યારબાદ શિશિરકુંજમાં પ્રભુ સ્વામિનીજીઓ સહિત બિરાજી, આ બન્ને સખીઓ સાથે સર્વનાં મનોરથોને પૂર્ણ કરે છે. પ્રભુ જેમના મનારથોને પૂર્ણકરે છે તેમને મહામાસ એટલે કે મકરમાસની અતિ દારુણ, હાડને ગાળી નાખનારી ઠંડીની અનુભૂતિ થતી નથી, અને જેમને પ્રભુનો વિરહ છે એમને વિરહાગ્નિ એવો તપાવે છે, કે હીમપણ અગ્નિજ્વાલા જેવું લાગે છે.



Scanned by CamScanner

ભાવવૈવિધ્ય એ શીતકાલિન પદોની આગવી લાક્ષણિકતા છે. એમાંયે ખંડિતા અને હીલગના પદો હૃદયસ્પર્શી છે. ખંડિતા એટલે માનભંગ થયેલી માનુની, પ્રિયતમથી તરછોડાયેલી નાયિકા. આવી નાયિકાની મનોવેદના જયારે શબ્દોમાં પ્રગટ થાય ત્યારે ખંડિતાનું પદ બને. નીચેની પંક્તિઓ એનું સુંદર ઉદાહરણ છે.

"મહા માસકે કદન કરિ, માંસ રહયો નહિ દેહ
સાંસ રહયો ધટ લાગિકે, બદન ચહન કે નેહ ॥

તો કારતક સુદ પૂનમથી, માગશર સુદ પૂનમ સુધી, મંગલાશૃંગાર સમયે ગવાતા વ્રતચર્યાના પદો પણ અદભુત છે. શ્રીપતિને જ પતિ તરીકે પામવાની ઇચ્છાથી મહાભાગિની રતિરસના અધિશ્વરી દેવી કાત્યાયની, એટલે કે શ્રી યમુનાજીના વ્રતસમયે પ્રભુએ, ગોપીઓનાં વસ્ત્રોનું હરણ કરી, તે દ્વારા તેમને જ્ઞાન અને તેમના ઇચ્છિત ફલનું દાન કર્યું, તે ચીરહરણના પ્રસંગને કેન્દ્રમાં રાખીને આ પદોની રચના કરવામાં આવી છે.

તો હીલગના પદો એટલે લગનીના પદો, મનમોહનમાં મન લાગી ગયું છે. હવે માત્ર શ્યામમુખ દર્શનની તીવ્ર ઇચ્છા છે. પ્રભુ મિલનની ઉત્કંઠા છે. હીલગનું પ્રત્યેક પદ, મન-વચન-કર્મથી શ્યામમયબની ચુકેલાં રાધારાણીનું અનોખું ચિત્ર ખડું કરે છે. આમ સુહાવનો શીતકાલ એના વૈવિધ્યસભર પદોને કારણે વધુ સુંદર લાગે છે. આપણે આગળ જોયું કે કુંજમાં પ્રભુ, હેમંત અને શિશિર સખીઓને સેવાનું સુખ આપે છે. તો અહી નંદમહેલમાં નંદરાણી પણ પ્રભુના, (એના લાલાના) સુખ માટે,



Scanned by CamScanner

શીતકાલને અનુરૂપ સાધન સામગ્રી સજ્જ કરે છે. હવે મલમલના વસ્ત્રો બાજુએ મૂકીને મા યશોદા, લાલા માટે, સાટીનના, છીંટના અને કીનખાબના વસ્ત્રો, ગદ્દલ, અને ફરગુલ તૈયાર કરેછે. ઉષ્ણ અને શરદસમયે શીતળતા અર્પતા ચંદન અને છીપના શણગારને બદલે, હીરા-મોતીના, આભુષણો સજાવે છે. શીતકાલમાં ઉષ્ણતા અર્પે એવી ખાદય સામગ્રીઓ તૈયાર કરે છે. અને લાલાના કક્ષમાં કનકની અંગિઠી પણ રાખે છે. આમ માતાએ શીતકાલને અનુરૂપ બધી તૈયારી કરી લીધી છે.

તો ચાલો સહુ પ્રથમ, શ્રી વલ્લભ, શ્રી વિઠ્ઠલ અને ત્રિવિધ તાપ હારિણી શ્રી યમુનાજીને વંદન કરી, ત્યારબાદ શીતકાલમાં, અષ્ટયામ સેવા સમયે ગવાતાં પદો અને કીર્તનો દ્વારા, રસો વૈ સઃ શ્રી નંદનંદનની સેવાને સ-રસ બનાવીએ, કીર્તનો દ્વારા પ્રભુને સુખ આપીયે, અને આપણે પણ અલૌકિકાનંદની અનુભૂતિ કરીએ.



Scanned by CamScanner

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરીષદના

કેન્દ્રીય પ્રમુખ શ્રી ઇન્દ્રકાંતભાઇ ત્રિકમલાલ પરિખનું

પુષ્ટિ સૃષ્ટિના ભાગ્યવાન વૈષ્ણવ વૃંદ, 'અપનો સ્વરૂપ નિહારલ્યો, તબ હોઓગેન્યાલ ભુતલ જેલ વિદેશ હે જન્મત બીતે હુકાલ.'

આપણને કહેવામાં આવે છે કે જીવન બગડે તો હરકત નહી. પણ જનમ નહી બગડવો જોઇયે. કારણ અનેક જન્મોથી આપણે ભટકી રહયા હતા, તેથી આપણા યુગલ સ્વરૂપે આપણી સુધી લેવા શ્રી વલ્લભરૂપે પધારી, આપણા મૂળ સ્વરૂપનું સ્મરણ કરાવી, આપણા સ્વામીથી સંબંધ કરાવી, નિજાનંદનુ દાનઆપવા, આપણને પ્રપંચ વિસ્મૃતી પૂર્વક ભગવદાસકિત કરાવવા, "અવ્યાવૃત્તે ભજેત્ કૃષ્ણનો ઉપદેશઆપી, માહામ્યજ્ઞાન પૂર્વક કૃષ્ણસેવા સદાકાર્યા કરવાનું કહયું. શ્રી જગન્નાથજીએ પણ આપણને "કર્મોપ્યેકય તસ્યદેવસ્યસેવા" કરવાનીજ આજ્ઞાઆપી. શ્રી મહાપ્રભુજીએ "કીટ ભ્રમરન્યાયે" આપણી ચિત્તવૃત્તિઓનો નીરોધ કરાવવા 'પ્રાપ્ત્યં સેવેત નિર્મમઃ' ની આજ્ઞાઆપી, 'સેવકોડહંનચાન્યથા' નીભાવના સુદૃઢ કરાવવા, પ્રભુસેવામાં, રાગ, ભોગ, શ્રૃંગારને ઋતુ અનુસાર અનુસરી, પ્રભુલીલાઓનું અવગાહન કરી શકાય, એ માટે નીત્ય કીર્તન અને ઉત્સવોના ઋતુ અનુસાર કીર્તનોથી આપણા નીત્યલીલા નિત્યનૌતમ લીલાકરનારા પ્રભુને અનેક રાગ રાગિણીયોથી રીઝવવા, અષ્ટ છાપ કવિઓ દ્વારા કીર્તનો પ્રગટ કરાવ્યા, તેથી આ. રા. પુ. વૈ. પરિષદે દરેક ઋતુ અનુસાર, મંગલાથી શયન સુધીના નિત્યકીર્તનોની ૩ અને ઉત્સવોની, ઋતુ અનુસાર, ૩ એમછ કૅસેટોનોસેટ પ્રસ્તુત કરવાનો સંકલ્પ કર્યો ક્તો. જેમા પહેલા વર્ષા કાળની 'શ્યામઘટા ઘીરઆઇની' તથા આ બીજી'શીતકાલસુહાવનો' ની કૅસેટ પ્રસ્તુત કરતા અમો અત્યાનંદ અનુભવીયે છીએ. અને આશા કરીયે છીએ કે, દરેક વૈષ્ણવો એનો લાભ લઇ શ્રી પ્રભુને વંદે.



Scanned by CamScanner

રીઝવવાનો પ્રયત્ન કરી, જન્મ સફળ કરવા, નિજાનદંની અનુભૂતી કરવા, રોજેરોજની સેવાસાથે દરેક ઋતુના અષ્ટયામ સેવાનું અવગાહન કરશે. તો ચાલો આપણે શીતકાલમાં અષ્ટયામ સેવાનું અવગાહન કરવા, પહેલા ગુરૂવંદના કરી અષ્ટ યામની સેવા સ્મરણનો લાભ લઇયે.

(૧) શ્રી મહાપ્રભુજીની વિનતીનું પદ :-

"નમો વલ્લભાધિશપદ...........

પ્રભુની કૃપાથી મુકિત અવશ્ય મળે છે. પરતું પ્રભુના લીલાધામમાં પ્રવેશવાની ક્ષમતા માત્ર વલ્લભ કૃપાથીજ પ્રાપ્ત થાય છે. એવા શ્રી વલ્લભના ચરણયુગલને વારંવાર વંદન કરતા શ્રી હરિદાસજી કહે છે. અન્યના મહિમા ગાનથી નાશવંત સુખ-સંપત્તિની લાલચ પેદા થાય છે. જે ભવ બંધનમાં નાખે છે. એકમાત્ર શ્રી વલ્લભના ચરણકમલનું શરણ જ, જન્મોજન્મ સેવા રૂપી અવિનાશી સુખની પ્રાપ્તિ કરાવે છે. કવિ શિરોમણી દયારામે પણ આજ ગાયું છે કે, "હરિના જનતો મુકિત ન માંગે, માંગે જનમોજનમ અવતાર રે. આવા જન્મોજન્મ સેવાનું સુખ આપનાર, શ્રી વલ્લભના ચરણકમલને વારંવાર વંદન. રાગ - ભૈરવ અને તાલ ઝપતાલમાં, શ્રી મહાપ્રભુજીની વંદનાનું આ પદ સાંભળિયે.

શ્રી ગુરૂવંદના. રાગ - ભૈરવ. તાલ - ઝપતાલ

(१) नमो वल्लभाधीश पदकमल युगले सदा वसतु मम हृदयं
विविधभाव रसवलितं ।। अन्यमहिमा ऽऽ भास वासना वसितं मा भवतु जातु
निजभाव चलितं ।।१।। भवतु भजनीय मतिशयित रुचिरं चिरं चरणयुगलं सकलगुण सुललितं ।।
वदति हरिदास इति मा भवतु मुक्तिरपि भवतु मम देह शतजन्म फलितं ।।२।।



Scanned by CamScanner

(૨) શ્રી ગુસાંઇજીની વંદનાનું પદ :-

"શ્રી વિઠ્ઠલનાથજૂકે ચરણ શરણમ..................."

કલિમલદુઃખને હરનારા, ત્રિવિધતાપનો નાશ કરનારા પૂર્ણ પુરુષોતમ, શ્રી વલ્લભસુતની વંદના કરતું આ પદ છે. દૈવીજીવોના હીતમાટે, મનુષ્યદેહ ધારણ કરી સાક્ષાત પ્રભુએ પોતે શ્રી વિઠ્ઠલનાથ તરીકે અવતાર લીધો છે. એવા સર્વ સુખોના દાતા, આ ભવબંધન રૂપી દુઃખનો નાશ કરનારા અને ભુતલમાં દઢ ભકિતને પ્રગટ કરનારા, શ્રી ગુસાંઇજીના ચરણકમલને શ્રી કાન્હરદાસ વારંવાર પ્રણામ કરે છે.

રાગ : બિભાસ અને તાલ ઝપતાલમાં ગૂંથાયેલું આ શ્રીગુસાંઇજીની વંદનાનું પદ સાંભળિયે.

શ્રી ગુસાઇજીની વંદના. રાગ - બિભાસ.તાલ - ઝપતાલ

(૨) श्रीविट्ठलनाथजूके चरणशरणं ।। श्रीवल्लभनंदनं

कलिदुःखखंडनं पूरणरुषोत्तमं त्रयतापहरणं ।।१।। सकलदुःखदारणं

भवसिंधु-तारणं जनहित लीलादेह धरणं ।। कान्हरदासप्रभु सबसुखसागरं

भुतल दृढभक्ति प्रकट करणं ।।२।।



Scanned by CamScanner

(૩) શ્રી યમુનાજીને વિનતીનું પદ :-

"દીન જાન મોહિ દીજે યમુના.........."

દ્રઢ વિશ્વાસ અને શ્રધ્ધાથી બાળક માત્ર માતા પાસે જ માંગણી કરી શકે. આવી જ શ્રધ્ધાથી શ્રી યમુનાજીને આર્ત બની પ્રાર્થના કરતા, ભકત હૃદયમાંથી પ્રગટેલું આ યમુનાજીની વિનતીનું પદ છે. જેના જલપાનથી મનનો મેલ દુર થાય છે. ત્રિવિધ તાપ નાશ પામે છે. અને શરણે આવેલો જીવ, શ્રીજીચરણનું સુખ પામે છે એવી યમુનાજીને, ભકત કવિ પરમાનંદદાસજી વિનવી રહયા છે કે, હે, વ્રજરાજની લાડિલી, નંદનંદનને સદાયે સુખ આપનારી, મહારાણી શ્રી યમુના તું મને દીન-હીન જાણી મારા ઉપર એટલી કૃપા કર કે, મને દાસાનુદાસ થવાનું ભાગ્ય પ્રાપ્ત થાય. જે ગોપિકાઓએ પ્રભુપ્રાપ્તિ માટે આલોક-પરલોકની, સ્વાર્થ પરમાર્થની, જાતિ-કુલની, પુરજન-ગુરુજનોની પણ, પરવા નહોતી કરી, એવી ગોપિઓના દાસ થવાની ભકતહૃદયની અહી અભિલાષા છે. રાગ : દેશકાર, તાલ : ત્રિતાલમાં નિબધ્ધ, શ્રી યમુનાજીને વિનંતીનું પદ સાંભળિયે.

શ્રીયમુનાજીનેવિનતિ. રાગ - દેશકાર. તાલ - ત્રિતાલ

(३) दीन जान मोहि दीजे यमुना ।। नंदकुमार सदा वर मांगो गोपिनकी दासी मोहि कीजे ।।१।। तुम तो परम उदार कृपानिधि चरण शरण सुखकारी ।। तिहारे वश सदा लाडलीवर तव तट क्रीडत गिरिधारि ।।२।। सव व्रजजन विहरत संग मिल अदभुतरासविलासी ।। तुमारे पुलिन निकट कुंजनद्रुम कोमल शशी सुवासी ।।३।। ज्यौ मंडलमें चंद बिराजत भरभर छिरकत नारी ।। श्रमजल हसत न्हात अतिरसभर जलक्रीडा सुखकारी ।।४।। रानीजीके मंदिरमें नित उठ पाय लाग भुवनकाज सब कीजे ।। परमानंददास दासीव्हे नंदनंदन सुख दीजे।।५।।



Scanned by CamScanner

(૪) શ્રીનેજગાવવાનું પદ :-

"જાગિયે વૃજરાજ કુંવર કમલ કોશ ફૂલે................

એકતો શીતકાલ, એમાંયે પ્રભાતનો મનહર-મનભર સમય, ઊગતા સૂર્યના સોનેરી કિરણોએ આખાયે ગગનમંડળને જાણે સુવર્ણ રંગે રંગી દીધું. રવિકિરણોનો સ્પર્શ થતાં જ કમલદલ ખીલી ઉઠયાં. અલિગણ ડોલવા લાગ્યાં, પંખીઓના કલરવથી વાતાવરણ ગુંજવા લાગ્યું, આવે સમયે માં યશોદા, અંતરના અમીને આંખોમાં આંજીને, પ્રેમસભર નેત્રે લાલાને નિહાળી રહયાં છે, મૃદુ સ્પર્શે લાલાને જગાડી રહયાં છે. પોતાના દીવ્યચક્ષુઓનાં તેજથી પ્રભુની સતત ઝાંખી કરતા, સ્વર અને શબ્દના સ્વામિ સૂરદાસજી કહે છે કે માતાનો મૃદુ સ્પર્શ થતાં જ, પરમમંગલકારી શ્રી બાલગોપાલ, નિદ્રાંનો ત્યાગ કરી, જાગૃત થાય છે.

રાગ આહિર ભૈરવના સુમધુર સ્વરોમાં, અને એકતાલમાં ગુંથાયેલા આ શ્રી ઠાકોરજીને જગાવવાના પદનો આનંદ લઇએ.

શ્રી વ્રજેશ્વરજીને જગાવવાનું પદ. રાગ - અહિરભૈરવ. તાલ - એકતાલ

(૪) जागिये व्रजराजकुंवर कमल कोश फूले ।। कुमुदिनी जिय
सकुच रही भृगंलता झूले ।।१।। तमचर खग करत रोर बोलत वनराई ।।
रांभत गौमधुर नाद बछ चपलताई ।।२।। रवि प्रकाश विधु मलीन गावत
व्रजनारी ।। सूर श्रीगोपाल उटे परम मंगलकारी ।।३।।



Scanned by CamScanner

(૫) શ્રીજીને કલેઉનું પદ :-

"હોં બલબલ જાઉં કલેઉ લાલ કીજે..................

મીઠી નિદ્રામાંથી જાગેલા શ્યામસુંદરને માતા કલેઉ કરવા માટે વિનવી રહયાં છે. જાતજાતના પ્રલોભનો આપીને પ્રભુને કલેઉ માટે તેઓ લલચાવી રહયાં છે. બાળસુલભ સ્વભાવથી પરિચિત માતા, 'બેની જલ્દી બઢશે'એવું પ્રલોભન આપીને પ્રભુને ધોળિ ગાયનું દૂધ પાઇ રહયાં છે. અને સમગ્ર વિશ્વને વશમાં કરીલેનાર પ્રભુ આજે માતાના પ્રેમરસમાં ભીજાઇને માતૃસ્નેહને વશ થઇગયા છે.

સાંભળીએ કલેઉનું આ પદ રાગ છે રામકલી, તાલ : ત્રિતાલ.

શ્રીકલેઊનુ પદ રાગ - રામકલી.તાલ - ત્રિતાલ

(५) हों बलबल जाऊं कलेऊ लाल कीजे ।। खीर खांड घृत
अति मौटौहै अबकी कौर बछ लीजे ।।१।। बेनी बढे सुनो मनमोहन मेरो कह्यो
पतीजे ।। ओटयो दूध सद्य धोरीको सात घूंट भर पीजे ।।२।। वारने जाऊं
कमलमुख ऊपर अंचरा प्रेमरस भीजे ।। बोहोर्स्यो जाय खेलो यमुनातट गोविदसंग
करलीजे ।।३।।

(૬) શ્રીજીને કલેઉનું પદ :-

"ઉઠત પ્રાત કછુ માત જશોદા મંગલ ભોગ..........."

કલેઉનું જ આ એક બીજું સુંદર પદ છે. મા યશોદા હરિ હલધરની જોડીને માખણ, મિશ્રિ, મલાઇ અને શીતકાલને અનુરુપ કેસર-કસ્તુરીયુકત દૂધનો મંગલભોગ આરોગાવી રહયાં છે બાળરૂપ ધરી, મા યશોદાની ગોદમાં ખેલતા, જગતનાપિતા, આજે અડધું માખણ મુખપર લપટાવી, અડધું દૂધ ઢોળી-બાળસુલભ ચેષ્ટાઓ દ્વારા, માતાના હ્રદયને આનંદિત કરી રહયા છે. ત્રિતાલમાં નિબધ્ધ, કલેઉના આ પદનો આનંદ, રાગ ભૈરવના સ્વરોમાં માણિએ.

શ્રીશ્યામ બલરામનેકલેઉનું પદ. રાગ - ભૈરવ. તાલ - ત્રિતાલ

(६) उटत प्रात कछु मात जशोदा मंगल भोग देत दोऊ छोरा ।
माखन मिसरी दह्यो मलाई दूधभरे दोऊ कनककटोरा ।।१।। कछुक खात कछु
मुख लपटावत देत दूराय मिलि करत निहोरा । परमानन्द प्रभु झबक परत दूध
भरत लाल भुज करत कलोला ।।२।।



Scanned by CamScanner

(૭) વ્રતચર્યાનું પદ :-

"અહો હરિ હમ હારી તુમ જીતે............"

શીતકાલના પદોમાં વ્રતચર્યાના પદોનું આગવું સ્થાન છે. પ્રભુનેજ પતિ તરિકે પ્રાપ્ત કરવા ઇચ્છતી વ્રજની ગોપિકાઓ, શીતકાલમાં વહેલી સવારે, યમુનાજીમાં સ્નાન કરી, મા યમુનાજી એટલે કે કાત્યાયની માતાનું પૂજન કરી, નંદનંદનનેજ પતિ તરીકે પ્રાપ્ત કરવાના મનોરથ સેવે છે. ત્યારે યમુના જલમાં સ્નાન કરતી ગોપીઓને એમના ઇચ્છિત ફલનું દાન દેવાની ઇરછાથી, અને નિર્વસ્ત્ર સ્નાનના અપરાધમાંથી બચાવવાની ભાવનાથી, પ્રભુ, ગોપીઓનાં વસ્ત્રોનું હરણ કરી, કદંબડાળે ચઢી, બેસે છે. ઠંડીમાં કંપતી ગોપીઓ, પ્રભુને વસ્ત્રો પાછા આપવા વિનંતી કરે છે. સંપૂર્ણ શરણાગતિ સ્વીકારે છે. ભલે ગોપીઓ કહેતી હોય કે "પ્રભુ તુમ જીતે હમ હારે" પરંતુ ગોપીઓની એ હારમાં પણ જીત જ સમાયેલી છે. કારણ પ્રભુ ગોપીઓને ઇચ્છીત ફલનું દાન દઇ રહયા છે. ચીર એટલે આવરણ, મનુષ્ય વૃત્તિ અને વાસનાના આવરણોને ઉતારી, નિરાવરણ બની, પ્રભુનું શરણ સ્વીકારે, તો, પ્રભુ કયાં દૂર છે ?

વૃતચર્યાના આ પદનો રાગ છે લલિત, તાલ છે રૂપક.

શ્રીવ્રતચર્યાનુ પદરાગ - લલિત.            તાલ-રૂપક

(૭) अहो हरि हमहारी तुमजीते ।। नागरनटपट देहो हमारे
कांपतहै तनसीते ।।१।। कानन कुंडल मुकुट बिराजत कान्हकुंवरके हौं वारी ।।
हाहाखात पैयांपरत हो अबहौं चेरितुम्हारी ।।२।। तब तेरो अंबर देहों री सजनी
जलतेहोय सबन्यारी ।। सूरदासप्रभु तिहारेमिलनकों तुम जीते हम हारी ।।



Scanned by CamScanner

(૮) વ્રતચર્યાનું પદ :-

"દઢવ્રત કીનો મેરે હેત.............."

વ્રતચર્યાનું આ એક વધુ પદ છે. જેનું મન શ્રીકૃષ્ણ ઉપર ન્યોછાપર થઇ ચુકયું છે એવી વ્રજની ગોપીઓ, શીતકાલની વહેલી સવારે, યમુનાજલમાં સ્નાન કરી, સંકલ્પ સહિત એક માસ પર્યંત વ્રતનું આરાધન કરે છે. શ્રીકૃષ્ણની લીલાઓનું અને એના નામોનું ઉચ્ચ સ્વરે ગાન કરે છે. નિરાવરણ બની પ્રભુની શરણમાં જાય છે આથી પ્રસન્ન થયેલા પ્રભુ, ફલ સ્વરૂપે શરદઋતુમાં મહારાસ રચી, ગોપીઓના મનોરથોને પૂર્ણ કરવા વચનબધ્ધ થાય છે. ગોપીઓ વ્રતચર્યાના આ ફલદાનથી અતિપ્રસન્ન છે. રાગ માલકૌંસ અને તાલ ત્રિતાલમાં નિબધ્ધ સૂરદાસજી રચિતવ્રતચર્યાનું આ પદ સાંભળિયે.

શ્રીવ્રતચર્યાનાફળનું પદ રાગ - માલકૌંસ. તાલ - ત્રિતાલ

(૮) दृढव्रत कीनो मेरेहेत ।। धन्यकहें नंदनंदन जाऊ सबनहीके हेत ।।१।। करो पूरन काम तुमारो शरदरास रमाय ।। हरख भई यहे सुनत गोपी रहीसीस नवाय ।।२।। सबनको अंग परस कीनो व्रत कीनो तनगार ।। सुरप्रभु सुख दियो मिलके व्रजचली सुकुमार ।।३।।



Scanned by CamScanner

(૯) ખંડિતાનું પદ :-

"જરીકે જરાયવેકોં તાતે તન તાયવેકૂં................"

શ્રી શ્યામસુંદરના રાત્રિકાલિન વિલાસ સ્વરૂપનાં દર્શન થતાં જ, શ્યામ વિરહથી બેચેન વ્રજાંગનાનું મન અને માન બેઉ ખંડિત થાય છે. કારણકે રાત્રિકાલિન જે સુખ, બીજી વ્રજાંગનાને પ્રાપ્ત થયું એનાથી પોતે વંચિત છે, એની પીડા તો છે જ, આથી જ પ્રભુને ઉપાલંભ આપતાં એમના શ્રીઅંગ ઉપર અંકિત માળા અને અધર ઉપરની અંજન રેખા દ્વારા એ બતાવવા માંગે છે, કે પ્રભુ અન્ય ગોપીમાં આસકત થયા છે. અન્ય સાથે વિલાસ કરી હવે અહીં શા માટે આવ્યા છો? આમ ગોપી પ્રભુને ઉપાલંભ આપી રહી છે. છતાં સૂરશ્યામ કહે છે, કે, એક પળ પણ એના મનને ચેન નથી. આટલું માનભંગ થવા છતાં, એ વ્રજાંગનાના હૃદયમાંથી, પ્રભુ એક ક્ષણપણ અળગા થયા નથી. જે પદોમાં સુરશ્યામની છાપ જોવા મળે છે, એ બધા જ પદો, શ્રી. પ્રભુએજ રચેલા છે કારણકે સવાલક્ષ પદોનો સંકલ્પ કરનાર, ભકતકવિ સૂરદાસજી એટલા પદો પૂર્ણ ન કરી શકયા. ખંડિતાનું આ પદ એ શ્રી ઠાકોરજીની જ રચના છે. રાગ લલિતના સ્વરોમાં ગૂંથાયેલું, અને એકતાલમાં નિબધ્ધ આ પદ સાંભળિએ.

શ્રી ખંડિતાનુ પદ　　રાગ - લલિત.　　તાલ - એકતાલ

**(९) जरीके जरायवेकों तातेतन तायवेकूं कटेलोन लायवेकूं द्वार आय**
**टरेहो ।। रेनबसे और टोरअब आये मेरीओर वाहींपें पधारो कान्ह जाके बस परेहो**
**।।१।। बिनगुणमाल सोहे अधर अंजन रेख मेरीसों कान्ह अब जाओ तुम**
**भरेहो ।। चारयाम बीते मोहि घडी भर कल नाहि सूरस्याम हियेहूते नेकहु न टरेहो ।।२।।**



Scanned by CamScanner

**(૧૦) મંગલાસન્મુખનું પદ :-**

**"મંગલ રૂપ યશોદાનંદ............"**

મંગલા સન્મુખનું આ પદ અનાયાસે જ "મધુરાષ્ટક" ની યાદ અપાવી જાય છે. મધુરાષ્ટકમાં પ્રભુની પ્રત્યેક અંગભંગીની મધુરતાના, પ્રભુના મનમોહક લાસ્યસ્વરૂપના દર્શન થાય છે. તો આ પદમાં પ્રભુના મંગલમય સર્વાંગ સ્વરૂપનું વર્ણન કર્યું છે. અહિં પણ ભકતની દ્રષ્ટિ પ્રભુના મસ્તકથી લઇને શ્યામસુંદરની મુરલી, અને એના ચરણારવિંદ સુધી જ્યાં જ્યાં સ્થિર થાય છે. તે બધુંજ મંગલમય છે. મંગલતા અને મધુરતા કયાં એકેબીજાથી ભિન્ન છે ? જે મંગલમય છે, તે, મધુર પણ હોવાનું જ. તો ચાલો મંગલરૂપ નિધાન સાંવરિયાના મંગલરૂપનું દર્શન, આ પદ દ્વારા કરીએ. રાગ છે માલકૌંસ, તાલ છે ત્રિતાલ.

શ્રીમંગળાદર્શનનુ પદ　રાગ - માલકૌંસ.　　તાલ - ત્રિતાલ

(૧૦) मंगलरुपयशोदानंद ।। मंगलमुकुट काननमेकुंडल मंगलतिलक
बिराजतचंद ।।१।। मंगलभूषण सबअंगसोहत मंगलमुरति आनंदकंद ।।
मंगललकुट कांरवमेंचापे मंगलमुरलि बजावत मंद ।।२।। मंगलचाल
मनोहरमंगल दरशनहोत मिटेदुरवद्वंद ।। मंगलव्रजपति नामसबनको मंगल
यश गावतश्रुतिछंद ।।३।।



Scanned by CamScanner

(૧૧) મંગલાઆરતીનું પદ :-

"પ્રાતઃસમે ગિરિધરજુકે સન્મુખ..................."

આ પદ વાંચતાં જ મન ક્ષણભર નંદમહેલમાં દોડી જાય છે. સોળે શણગારથી શોભતાં મા યશોદા, લાલગોપાલની આરતી ઉતારી રહયાં છે. રત્નજટીત કંકણોથી ઓપતાં કરકમલમાં, દીપશિખાઓથી ઝળહળતો કનકથાળ શોભી રહયો છે. આરતી સમયે ઝાલરના ઝનઝન રણકાર અને ઘંટાના મધુર નાદથી, સમગ્ર વાતાવરણ મંગલમય બની ગયું છે બાલ ગોપાલને નજર ન લાગે, માટે માતા આરતી ઓવારી રહયાં છે. પ્રભુની આ છબીના દર્શન કરતા, ભકત મુરારીદાસના જેવું ભાગ્ય, પ્રભુ અમને કયારે આપશો ? કોમલ રે, ગ, ધ, અને તીવ્ર મધ્યમસ્વર યુકત, સુમધુર તોડી રાગમાં ગુંથાયેલું, અને અકેતાલમાં નિબધ્ધ, મંગલાઆરતીનું આ પદ સાંભળિયે.

શ્રીમંગલાઆરતીનુ પદ રાગ - તોડી તાલ - એકતાલ

(૧૧) प्रातसमे गिरिधरजुके सन्मुख नीकी वनी मंगलआरती ।। कनकथाल
दीपमाल बालनके करनमें जगमग जगमग जोत होत चक्रसुकुमार ती ।।१।।
झंझं झालर मधुरघंटा घनन घनन बलैया कलैयाकी घुनिहोत जब चमरढारती ।।
मुरारीदास प्रभुकी वदनकी छबि निरखत घन्यघन्य ये निकटनिहारती
।।२।।૧।।

(૧૨) શ્રીજીને સ્નાન કરાવવાનું પદ :-

"મજન કરત ગોપાલ ચૌકી પર............"

શ્રુંગારદર્શનની જેમને સદૈવ આસક્તિ રહેતી હતી, એ અષ્ટસખાઓમાંના એક, શ્રી છીતસ્વામિની બાનીમાંથી પ્રગટેલું, સ્નાન સમયનું આ પદ છે. રત્નજડીત કનકચૉકી ઉપર, બાંકેબિહારી બિરાજ્યા છે. વ્રજાંગનાઓ પ્રભુને પ્રેમથી સ્નાન કરાવે છે. જેના સ્મરણમાત્રથી સંસારના કલ્મષો નાશ પામે છે. એ જગદિશ્વરના શ્રીઅંગનો સ્પર્શ પામતી ગોપીઓના ભાગ્યની શી વાત કરવી. હવે વિવિધ શૃંગારથી સજ્જ થયેલા શ્રીહરિ દર્પણમાં મુખ જોઇ મીઠું, મીઠું હસી લે છે. અને વ્રજવનિતાઓએ સ્વહસ્તે તૈયાર કરેલ સામગ્રી પ્રસન્ન ચિત્તે આરોગે છે. સ્નાન કરાવવાના આ પદનો રાગ છે દેશી, તાલ છે ત્રિતાલ.

શ્રી સ્નાન કરાવવાનુ પદ. રાગ - દેશી. તાલ - ત્રિતાલ

(१२) मंजन करत गोपाल चौकीपर ।। अतिसुगंध फुलेल उबटनो
विविधभांत की सोंझराखीधर ।।१।। प्रथमन्हवाय फिर केसर चर्चत शोभित अंगअंग
सुंदरवर ।। व्रजगोपी सबमिलगावत हैं अंग उबटकर परस सीस कर ।।२।। विविध
भांति शृंगारकरत हैं अपनीअपनी रुचि सुघरवर ।।। लेदर्पण श्रीमुखहि दिखावत
निरखनिरख नयनहँसेहरि ।।३।। भांतिभांति सामाग्री करकर लेआयींसब घरघर ।।
छीतस्वामीगिरिधरन आरोगत अतिआनंद प्रफुल्लितकर ।।४।।



Scanned by CamScanner

(૧૩) શૃંગાર સન્મુખનું પદ :-

"નવરંગ લલનવિહારી મેરો કહે જાડો મોહી અધિક સુહાય............"

શૃંગાર સન્મુખનું આ પદ, બીજા પદો કરતાં કંઇક નિરાળું લાગે છે. એમાંથી એજ ભાવ પ્રગટ થાય છે,કે, પ્રભુ પ્રેમના ભુખ્યા છે, ભાવના ભુખ્યા છે. ભાવને વશ થઇને જ એણે વિદુરની ભાજી, સુદામાના પૌઆ, અને દ્રોપદીના ચીર પૂર્યા છે. અને તેથી જ ગદ્દલ અને ફરગુલથી ઢંકાયા છે. કનક અંગિઠી પણ ધરવામાં આવી છે. તોયે પ્રભુની ટાઢ આજે ઓછી થતી નથી. કારણ પરમ ભગવદિય ત્રિપુરદાસજી વૈષ્ણવને ત્યાંથી આવેલું વસ્ત્ર, સેવકોએ ઠાકોરજીને અંગિકાર કરાવ્યું નથી. પ્રભુની ટાઢ ત્યારે જ જાય છે, જયારે ત્રિપુરદાસજીનું એ વસ્ત્ર, શ્રીજીને ઓઢાડવામા આવે છે. પ્રભુની આ ભાવલીલા પરમ સમર્થ શ્રી ગુસાંઇજીજ સમજી શકે. બાકી પ્રભુની આ લીલાઓનો પાર પામવાનું કયાં સુલભ છે? રાગ આસાવરીના સ્વરોમાં મઢેલું, અને ઝપતાલમાં નિબધ્ધ, શૃંગારસન્મુખનું આ અતિ સુંદર પદ છે.

શ્રી શ્રૃંગાર દર્શનસન્મુખનુંપદ. રાગ - આસાવરી. તાલ - ઝપતાલ

(१३) नवरनं ललनविहारी मेरो कहे जाडो मोहि अधिक सुहाय ।
पहिरी कवाई ओढि लई फरगुल तोहु सींत सतावत आय ।।१।। अचरज भये
सुनि वल्लभनंदन कनक अंगीठी धरि मंगाय । पुनि जिय सोचि मंगाई उढाई भजि
गई सीत हसे जदुराय ।।२।। ऐसे परमकृपाल दयानिधि विसरत नही सुधि करत
सहाय । त्रिपुरारी गिरिधारीकी बाते कहा जाने कोउ देहु बताय ।।३।।



Scanned by CamScanner

(૧૪) પનઘટલીલાનું પદ :-

"આવતહી યમુના ભર પાની શ્યામરૂપ કાહુકો ઢોટા વાકી..........."

શ્યામસુંદરની બાંકી ચિતવનથી ઘાયલ થયેલાં રાધારાણીનું સુરેખ શબ્દચિત્ર, પનઘટના આ પદમાં જોવા મળે છે. જમુના જલભરી આવતાં, રાધારાણીને શ્યામસુંદરના દર્શન થાય છે. નેત્રથી નેત્ર મળે છે. તારામૈત્રક રચાતાંજ રાધાજી સુધ-બુધ ખોઇ બેસે છે. અને પ્રભુરૂપી પ્રેમસમુદ્રમાં જલની ધારાની જેમ વૃષભાનદુલારી સમાઇ જાય છે. આવો રાધે-શ્યામના પ્રણયમંત્ર સમું, આ પદ સાંભળિયે. રાગ છે ચન્દ્રકોંસ, તાલ છે તીનતાલ.

શ્રી પનઘટલીલાનુ પદ. રાગ - ચંદ્રકોંસ. તાલ - ત્રિતાલ

(१४) आवतही यमुना भर पानी ।। स्यामरुप काहूको ढोटा वाकी
चितवन मेरी गैल भुलानी ।।१।। मोहन कह्यो तुम को या व्रजमे हमें नाहि
पहिचानी ।। टगीसी रही चेटकसो लाग्यो तब व्याकुल मुख फुरत न वानी
।।२।। जादिनते चितयेरी मो तन ता दिनते हरिहाथ बिकानी ।। नंददासप्रभु
यों मनमिलियो जों सागर में पानी ।।३।।



Scanned by CamScanner

'(૧૫) દધિમંથનનું પદ :-

"નંદગામ નીકો લાગતરી.........."

પ્રભુની અષ્ટયામ સેવામાં વિવિધ પ્રકારના અનેક પદો અને કીર્તનોથી પ્રભુને રીઝવવામાં આવે છે. દહીં, દુધ અને માખણતો, પ્રભુને પ્રિયમાં પ્રિય છે. પ્રાતઃસમયે દધિમંથન કરતી ગ્વાલિનીઓના મધુર ધ્વનિથી ગાજતું નંદગામ, નંદદાસજીને અતિશય પ્રિય લાગે છે. કારણ ત્યાં નંદ-યશોદાના હૈયાનો હાર છે, ગોપ-ગોપીઓની આંખોનો તારો અને રાધારાણીનો પ્યારો નંદદુલારો છે. જે શ્યામસુંદર દંહી-દુધને બહાને ગોપ-ગોપાંગનાઓને દીવ્યરસનું પાન કરાવે છે. એ ગોપ-ગોપીઓ ધન્ય છે. એ નંદગામ ધન્ય છે, જેમને પ્રભુની બાળલીલાના દર્શનનો લ્હાવો મળયો એ નંદદાસજીના ભાગ્યને પણ ધન્ય છે. રાગ-બિલાવલના સૂરોથી શોભતા, અને તિનતાલમાં નિબધ્ધ દધિમંથનના, પદ દ્વારા આપણે પણ દીવ્યરસને પામીએ.

શ્રી દધિમંથનનું પદ રાગ - બિલાવલ. તાલ - ત્રિતાલ

(૧૫) नंदगाम नीको लागतरी ।। प्रातसमै दधिमथत ग्वालिनी
सुनत मधुर ध्वनि गाजतरी ।।१।। धन्य येगोपी धन्य येग्वाल जिनकेमोहन उरलागतरी ।। हलधरसंग ग्वालसब राजत गिरिधर ले ले दधि भागतरी ।।२।। जहांबसत
सुरदेव महामुनि एकोपल नहीं त्यागतरी ।। नंददासकों यह कृपाफल गिरिधर देखे मन लागतरी



Scanned by CamScanner

(૧૬) ગોદોહનનું પદ :-

"અનોખે દુહૈયા મૈં દેખે સો કહૂંધાર કહૂં દોહની..........."

ગોદોહનના આ પદમાં ભકતકવિ કૃષ્ણજીવનજીએ, ગાયનું દોહન કરતા નટખટ નંદલાલની એક. મસ્તીભરી છબીના દર્શન કરાવ્યા છે. પ્રભુ ગાયતો દોહવા બેઠા છે, પરંતુ દૂધનું પાત્ર કયાં છે ? એમની દ્રષ્ટિ કયાં છે અને દૂધની ધારા કયાં વહી રહી છે - આ બધાથી પ્રભુ બેખબર છે કારણકે એમને તો ખબર માત્ર રાધારાણીની છે. પ્રભુની દ્રષ્ટિ, એમનું ધ્યાન, બધુંજ રાધાજીના નેત્રોમાં સ્થિર થયું છે કૃષ્ણજીવનજી કહે છે કે આ, પણ એક મહદ્ આશ્ચર્ય છે, આ તે કેવો અનોખો દુહૈયો ? રાગ આસાવરી અને તાલ ઝપતાલમાં ગોદોહનનાં આ પદનો આનંદ માણિયે.

શ્રીગોદોહનનુંપદ રાગ - આસાવરી. તાલ - ઝપતાલ

(१६) अनोखे दुहैया मैंदेखे सो कहूंधार कुहुं दोहनी कहु दृष्टि ।।

देहोतोहे कहा दुहिआवे ऐसीभई पयप्रष्टि ।।१।। ऐसीतोध्यान मान ताहींसो लंगर

हिये जाके हो तुम इष्टि ।। कृष्णजीवन प्रभुहरिकल्याण कछु तुम्हें नखोर यहसो नई

भई कछुसृष्टि ।।२।।



Scanned by CamScanner

(૧૭) માખણચોરીનું પદ :-

"મોહન ચોર્યોરી મનમાખન ઉરજમથાની..........."

માખણચોરીનું આ પદ છે. શ્યામપ્રેમમાં રંગાયેલી રસભિની ગોપિકા અહીં ફરિયાદ કરે છે કે મોહન એના ઉરનું મથન કરીને એમાંથી મન રૂપી માખણ ચોરી ગયા છે. શૃંગારિક લાગતા આ પદમાં ભકતકવિએ કેટલા ઊંચા ગજાની વાત કહી દીધી છે. પ્રત્યેક મનુષ્ય જો એના હૃદય રૂપી પાત્રમાં રહેલું મન રૂપી માખણ, સંસારના હાસ વિલાસમાં પિગળાવી દેવાને બદલે પ્રભુના ચરણોમાં ધરી દે, તો પ્રભુ એનો અંગિકાર અવશ્ય કરે જ. પરતું એને માટે ગોપીઓ જેવો ભાવ જોઇએ, પ્રભુ પ્રાપ્તિ માટેનો તલસાટ જોઈએ. રાગ જૌનપુરીના સ્વરોથી શોભતું અને ત્રિતાલમાં નિબધ્ધ માખણચોરીનું આ પદ માણીએ.

શ્રીમાખણચોરીનું પદ રાગ - જૌનપુરી. તાલ - ત્રિતાલ

(१७) मोहन चोर्योरी मन माखन उरज मथानी ।। दुहूँकर दृढकर
लाग्यो अधर रस चाखन ।।१।। नेतीलाज तोर सव सूत्यो नेकु न रह्यो रवाई आंखन ।।
जांय कहूँरी व्रजपतिजूके आवे नाहि कोऊसाखन ।।२।।



Scanned by CamScanner

(૧૮) ઉરાહનાનું પદ :-

"ગારી મતિ દીજો મો ગરિબનીકો જાયો હૈ............"

ઉરાહના એટલે ફરિયાદ કરવી, રાવ કરવી. નટખટ નાગરના ખટપટી તોફાનોથી થાકેલી ગોપિકાઓ એકત્ર થઈ, મા જશોદાજી આગળ રાવ કરવા જાય છે. નટખટ નંદકિશોર એમના દહીં-દૂધ માખણ ચોરીને ખાય છે અને ખવડાવે છે. દહીં-દૂધની મટુકીઓ ફોડે છે. નાગરી સ્ત્રીઓનો રસ્તો રોકી એમની પાસે દધીના દાણ માંગે છે. આવી નીત્ય થતી હાનીને કઇ રીતે સહી શકાય. આથીજ તો-"શું નવીનવાઇના પુત્રને તમે જન્મ આપ્યો છે-? એવી રાવ કરી ગોપીઓ, નટખટ નંદલાલને રોકવા, મા યશોદાને જણાવે છે. આ વ્રજાંગનાઓને, મા યશોદાનું પ્રેમ પરવશ માતૃહૃદય શું જવાબ આપે છે? સાંભળિયે ઉરાહનાના પદ દ્વારા, વ્રજલોકગીતની ધુનપર આધારિત, અને કહેરવા તાલને ઠેકે, માણિયે આ સુંદર પદને.

શ્રીઉરાહનાનુ પદ  રાગ બ્રજલોકગીતધુન  તાલ - કહેરવા

(૧૮) गारी मति दीजो मो गरीबनी को जायोहे ।।

जितवो बिगार कियो आन कह्यो मोसों तुम मैतो काहू बातनमें नाहीं तरसायौहै ।।१।।

दधिकी मटकीभरी आंगनमे आंनधरी तोल तोल लीजोंभटू जेतो जाको खायोहै ।।

सूरदासप्रभुप्यारे निमिष न हूंजे न्यारे कान्ह जैसोपूत मैंतो पूरेपुन्यनसों पायोहै ।।२।।



Scanned by CamScanner

(૧૯) ફલફલારીનું પદ :-

"ચિકસોલીમેં ચના ચૂરાયે.........."

પ્રત્યેક ઋતુ પ્રભુની સેવામાં ઉપસ્થિત થાય છે ત્યારે સખીભાવથી, પ્રભુના સુખમાટે, તે તે ઋતુકાલિન ફલ-ફૂલ આદિ લઇને આવે છે. શીતકાલમાં હેમંતસખી, પ્રભુ માટે પુષ્ટિ અને શક્તિદાયક હરબરા (લીલાચણા) લઇને આવે છે. પ્રભુને એ આરોગવામાં ઘણો આનંદ આવે છે. એમાંયે ચોરેલા ચણા ખાવાની મઝા કંઇક ઑરજ હોય છે. આ પદમાં સૂરદાસજી કહે છે કે. ચીકસોલીથી ચણા ચોરીને ગોપ બાળકો સાથે ગોપાલ ભાગે છે, અને આવી પહોચે છે ગહેવરવનમાં, જ્યાં ગોપસ્ત્રીઓ પ્રભુ મિલનની - પ્રભુદર્શનની આરતથી વાટ જોતી બેઠી હોય છે. ગોપીઓનું ભાગ્ય તો જુઓ, કે, ચણાને બહાને, ગોપીઓના મનોરથોને પૂર્ણ કરવા, પ્રભુ કેટલો પરિશ્રમ ઉઠાવી રહ્યા છે. રાગ બિલાવલના સૂરોમાં ગૂંથાયેલા, અને તીનતાલમાં નિબધ્ધ આ પદનો આનંદ·લઇએ.

શ્રી ફલફલારીનું ગ્વાલ સમયનું પદ· રાગ - બીલાવલ. તાલ - ત્રિતાલ

(૧૯) चिकसोली में चना चुराये ।। गारी दे दौडी रखवारन ग्वाल सहित गोपाल भजाये ।।१।। हरे बुट दाबे बगलमें स्वास भरे गहवर बन आये ।। नागरिया बैठी छक हारिन छील छील नंद लाल खवाये ।।२।।



Scanned by CamScanner

(૨૦) શ્રી ગ્વાલસમયનું પદ :-

"ખેલન અબ મેરી જાય બલૈયા.........."

ગ્વાલદર્શન સમયે ગવાતું આ પદ, એમાંથી પ્રગટ થતાં મોહક શબ્દચિત્રને કારણે જીવંત લાગે છે. હરિ-હલધર વચ્ચે થયેલા મીઠા કલહનું સુરેખચિત્ર નજર સમક્ષ ખડું થાય છે. અનુજ કન્હૈયા પર હમેશાં અધિકાર જમાવતા, એને ખીજવતા દાઉભૈયા પર, લાગ મળતાં જ કૃષ્ણ, કઇ રીતે બદલો લે છે - એ આખો યે પ્રસંગ સૂરદાસજીએ અહીં ખૂબ રસમય રીતે પ્રગટ કર્યો છે. રાગ છે મધુમાદ સારંગ, તાલ છે તીનતાલ.

શ્રી ગ્વાલ સમયનું પદ  રાગ - મધુમાદ સારંગ.   તાલ - ત્રિતાલ

(२०) खेलन अब मेरी जाय बलैया ।। जबही मोहि देखत लरिकनसंग
तबही खीजत है बलभैया ।।१।। मोसों कहे तात बसुदेवको देवकी तेरी मैया ।।
मोल लियो कछू दे बसुदेवहिं करकर यतन बढैया ।।२।। अब बाबा कहत नंदसों
यशुमतिसो कहि मैया असेकहि तब मोहि खिजावत तब ऊट चलो रिवसैया ।।३।।
पाछे नंदसुनत है टाडे, हसत हसत उरलैया  सूरनंद बलरामहि खीजत, योसुन हरख बढैया ।।४।।

(૨૧) શ્રી ભોજનબુલાયવેકો પદ :-

"યશોમતી થાર પરોસ ધર્યો હૈ..........."

પુષ્ટિમાર્ગમાં પ્રભુની સેવા મા યશોદાના ભાવથીજ કરવામાં આવે છે. મા યશોદાને મન, કૃષ્ણ બલરામ, જગતનિયંતા પરમેશ્વર નથી. એ તો એના લાડિલા બાળકો જ છે. જેમ લૌકિક વ્યવહારમાં એક માતા હમેશાં બાળકોના સુખનો જ વિચાર કરતી હોય છે, એવો જ વ્યવહાર મા યશોદાનો છે. ભોજનના થાળ પીરસાઇ ગયા છે. બલરામ કન્હૈયાની જોડીને, વિધ-વિધ મિઠાઇઓનું પ્રલોભન આપી, નંદબાબાની ગોદમાં બેસી ભોજન કરવાની લાલચ આપી, ભોજન માટે સાદ કરતી મા યશોદાના નિર્મળ, નિર્ભેળ, ઉજ્વલ, માતૃભાવનાનું દર્શન, ભોજનના આ પદ દ્વારા થાય છે. રાગ : ધનાશ્રી અને ઝપતાલમાં, ગોવિંદદાસ રચિત, ભોજન માટે બોલાવવાનું આ પદ સાંભળિયે.

શ્રીભોજનમાટે બોલાવવાનુ પદ રાગ - ધનાશ્રી. તાલ - ઝપતાલ

(૨१) यशुमति थार परोस धरयोहे तुम्हे बुलावे चलो दोऊ भैया ।।
बाबानंदकी गोदबेटकें भोजनकरो हों लेहुं बलैया ।।१।। पाछे करो केलि मनमोहन
तुमकों देहों बहुत मिठैया ।। गोविंदप्रभु गिरिराजधरन चले बैठी जहां
यशोदामैया ।।२।।



Scanned by CamScanner

(૨૨) શ્રી ભોજનનું પદ :-

ખીર વિના શ્રી લાલગોપાલને ભોજન રુચતું નથી, તેથીજ પુષ્ટિ સેવામાં રાજભોગ સમયે ઠાકોરજીને ખીર ધરાવવામાં આવે છે. તેમાંયે શીતકાલમાં તો ખીર વધુ પુષ્ટિદાયક બની રહે છે. આથીજતો ભોગ સમયે મા યશોદા, અધિક બુરા મિશ્રિત ખીર બનાવીને લાવે છે, પ્રભુ આરોગે છે, અને ગોપસખાઓને ખીજવવા જૂઠા હાથ બતાવે છે. પરમાનંદદાસજી કહે છે, કે, મા યશોદા પ્રેમપૂર્ણ હૃદયે પ્રભુને કંઠે લગાવે છે. રાગ તોડી અને તીનતાલમાં રાજભોગનું આ પદ સાંભળીયે.

(૨૨) શ્રીભો નનું પદ  રાગ - તોડી  તાલ - ત્રિતાલ.

लालकोमीटी खीर जोभावे बेला भरभर लावत यशोदा, बुरो अधिक मीलावे ।।१।। कनिया लियें यशोदा ठाढी रुचिकर कोर बनावे, ग्वालबाल बनचरनके आगें झुडे हाथ दिखावे ।।२।। व्रजरानी जो चहूंधा चितवत तनमन मोद बढावे, परमानंद दासको ठाकुर हस हस कंठ लगावे ।।३।।



Scanned by CamScanner

(૨૩) શ્રી યુગલસ્વરૂપ ભોજનનું પદ :-

ભોજન કરત પીય પ્યારી, રંગમહલમેં................

યુગલસ્વરૂપના ભોજન સમયનું આ એક સુંદર પદ છે. આ પદમાં પ્રભુની દીવ્યલીલાની ઝાંખી થાય છે. શીતકાલનો સમય છે. કનક અંગિઠી પ્રજ્વલિત છે. રંગમહેલમાં પિય અને પ્યારી બીરાજયાં છે. બન્ને પરસ્પરને પ્રેમથી ભોજન આરોગાવી રહયા છે. ભોજનના રસમાં, સ્નેહનો સાતમો રસભળે છે અને ભોજન અમૃત બની જાય છે. રસોવૈસઃ પ્રભુ, શ્રી સ્વામિનાજીને દીવ્યરસની અનુભુતિ કરાવી રહયા છે. આ અદભુત લીલાનાં દર્શન કરતા રસિક પ્રીતમનું તન-મન, ધન્ય ધન્ય બની જાય છે. રાગ પંચમ માલકૌંસ અને તીનતાલની બંદિશમાં, આ પદનું રસપાન કરીએ.

શ્રીયુગલસ્વરૂપનાભોજનનું પદ. રાગ - પચંમમાલકૌંસ. તાલ - ત્રિતાલ

(२ ३) भोजन करत पिय अरु प्यारी । रंग महल में धरी अंगीठी

परदा परे सुखकारी ।।१।। दोऊ परस्पर लेत देत हे बहुविध कर मनुहारी ।

रसिक प्रीतम प्रभु की यह लीला डारत तन मन वारी ।।२।।



Scanned by CamScanner

(૨૪) શ્રીજીને આચમન કરાવવાનું પદ :-

ભોજન કર મોહન કો અચવત લે રાધે............

મનમોહનના સુખમાંજ પોતાનું પરમ સુખ માનતાં વૃષભાનદુલારીનું સુંદર શબ્દાંકન, આચમનના આ પદમાં અંકિત થયું છે. પ્રભુપ્રેમમાં તન્મય રાધાજી, સ્વહસ્તે યમુનાજલ ભરી લાવી શ્યામસુંદરને આચમન કરાવે છે, અને પોતાના પાલવથી પ્રભુનું મુખ પોંછે છે. રાધાજીની આ પ્રણયચેષ્ટાથી આનંદિત થયેલા પ્રભુ મધુર મધુર હાસ્ય કરી રહયા છે. ભકતકવિ ધોંધીની આ રચનાને, રાગ ધનાશ્રીના સ્વરોમાં ગૂંથવામાં આવી છે. તાલ છે દીપચંદી.

શ્રીઆચમન કરાવવાનું પદ. રાગ - ધનાશ્રી. તાંલ - દીપચંદી

(२४) भोजन कर मोहन को अचवत ले राधे कंचन की झारी ।

यमुना जल भर के लाई अपने कर तातो कर प्यारी ।।१।। टंडो जल ले आन समोयो अचवन करत हसत गिरिधारी ।। धोंधी के प्रभु श्रीमुख पोछन अंचर मुसकत सुकमारी ।।२।।



Scanned by CamScanner

(૨૫) શ્રીજીને બીરી આરોગાવવાનું પદ :-

બીરી નવલ ગ્વાલિની લાઇ..........

પુષ્ટિમાર્ગમાં પ્રભુની સેવામાં પાનનીબીરીનું અતિ મહત્વનું સ્થાન છે. સેવા સમયે કીર્તનગાન, અને ભોગ સમયે પાનની બીરી વિના, પ્રભુની સેવા અપૂર્ણ ગણાય છે. પ્રભુની સેવાને, પ્રભુના સુખને રસપૂર્ણ બનાવવા પાનબીરી અતિ આવશ્યક છે. ભોજન અને આચમન કરી પ્રભુ પાનની બીરી આરોગે છે. નવલ ગ્વાલિની, સુંદર પાકાં પાનમાં લવંગ, સોપારી અને શીતકાલને અનુરૂપ સુગંધી મૃગમદ સહીત, અનેક રુચિકર પદાર્થો મિશ્રિત પાનની બીરી, શ્રી ઠાકોરજી માટે લાવે છે. પ્રભુ સ્વહસ્તે એનો સ્વીકાર કરે છે. આમ પાનની બીરી અહીં ભોજનમાં, અને પ્રણયમાં ઉદ્દીપનનું કાર્ય કરે છે. રાગ:બૈરાગીના સ્વરોમાં અને તીનતાલમાં બીરી આરોગવાનું આ પદ માણિયે.

શ્રીબીરીઆરોગવાનુ પદ રાગ - બૈરાગી તાલ - ત્રિતાલ

(૨૫) बीरी नवल ग्वालिनी लाई ।। उज्वल पानसों लौंग सुपारी
करप्रणाम ढिंग आई ।।१।। चूनो खेरसार सुगंध मृगमद सुखद सनाई ।।
श्रीविट्ठलगिरिधारी कृपानिधि हाथन ले हित सोज बनाई ।।२।।



Scanned by CamScanner

(૨૬) હીલગનું પદ :-

મન મૃગ વેધ્યો મોહન નયન બાન સોં...........

હીલગના પદો એટલે લગનીના પદો. સ્નેહ લગાડીને શ્યામસુંદર અંતરધ્યાન થઇ ગયા છે, શ્રીચત્રભુજદાસ રચિત હીલગના આ પદમાં, શ્યામના નયનબાણથી ઘાયલ થયેલાં રાધાજીનું મોહક ચિત્ર પ્રગટ થાય છે. રાધાજીના મનને મૃગની ઉપમા આપી છે. પ્રભુની ભ્રુકુટી કમાનમાંથી છૂટેલાં, નયનબાણથી વિંધાઇને ઘાયલ થયેલું રાધાજીનું મન પ્રભુમિલન માટે વ્યાકુળ બની તરફડી રહ્યું છે. આ વિરહવ્રણનું શમન, એની ઔષધી માત્ર એક જ છે, અને તે છે, શ્યામસુંદર સાથેનું મીલન, આમ પ્રભુમીલનની આરત, જયારે કાવ્ય રૂપે પ્રગટ થાય છે, ત્યારે હીલગનું પદ બને છે. રાગ આસાવરીના સ્વરોમાં ગૂંથાયેલા અને ઝપતાલમાં નિબધ્ધ, આ પદનો રસાનંદ લઇયે.

શ્રીહિલગનુ પદ  રાગ - આસાવરી.  તાલ - ઝપતાલ

(૨૬) मनमृगवेध्यो मोंहन नयन बानसो ।। गूढभावकी
सैन अचानक तकितान्यों भृकुटी कमानसो ।।१।। प्रथम नादबल घेर निकट ले
मुरलीस्वर सप्तक बंधानसो ।। पाछें बंक चितै मृदुहसके घातकरी उलटी सुठानसों
।।२।। चतुर्भुजदास पीर यह तनकी मिट त न औषधआनसों ।।
देहैंसुख तबही उरअंतर आलिंगन गिरिधरसुजानसों ।।३।।



Scanned by CamScanner

(૨૭) રાજભોગ દર્શન સમયનું પદ :-

ગિરિધર દેખે હી સુખ હોય............

પ્રભુની સાંવલી રૂપછટાના દર્શનથી મુગ્ધ બનેલા કૃષ્ણદાસજીની, બાનીમાંથી પ્રગટેલું, રાજભોગ દર્શનનું આ પદ છે. પ્રભુનો શ્યામરંગ નીલઅંબુજ, અને મહામરકતમણિના રંગોનું જાણે સંમિશ્રણ છે. એવા આ શ્યામઘન પ્રભુનું દર્શન, એજતો નેત્રોનું પરમ ફલ છે. એના સ્વરૂપની ઝાંખી થતા જ નયનોને હવે બીજા કોઇ દર્શનની અપેક્ષા નથી. ગિરિધરના દર્શનથીજ વિરહ દુઃખની સમાપ્તિ અને અમીત સુખની પ્રાપ્તિ થાય છે. રાગ છે સારંગ - તાલ છે તિનતાલ આવો સાંભળિયે રાજભોગ દર્શન સમયનું આ પદ.

શ્રીરાજભોગદર્શન સમયનુપદ રાગ - સારંગ. તાલ - ત્રિતાલ

(૨૭) गिरिधर देखेहीं सुखहोय ।। नयनवंतको यही परम फल येही

विधि मोहे त्रैलोय ।।१।। महामरकतमणि नीलअंबुजको रुपलियो है निचोय ।।

कृष्णदासनि नाथ नवरंग मिलेहैं विरह दुखखोय ।।२।।

(૨૮) રાજભોગ આરતીનું પદ :-

આરતી વારત રાધિકા નાગરી...........

રાજભોગ આરતીનું આ પદ છે. રાધાજી ગિરિધરવરની આરતી ઊતારી રહ્યાં છે. આરતી ઊતારવામાં મગ્ન બનેલાં, મુગ્ધ બનેલાં રાધાજી પોતેજ આરતી રૂપ બની ગયાં છે. એમની કમનિય કોમલ કાયા એ જાણે કનકનો થાળ છે, રાધાજીએ અંગિકાર કરેલાં આભુષણો આરતીની પ્રજ્વલિત દીપશિખાઓ છે. રુણઝુણતી કટિમેખલા આરતી સમયનો મધુર ઘંટારવ છે. પ્રેમ રૂપી છત્ર ઓઢાડી, રાધાજી પ્રભુને પાલવ રૂપી ચમર ઢોળી રહ્યાં છે. અને નેત્રોના મધુરભાવો રૂપી કુસુમાંજલીથી પ્રભુને રીઝવી રહ્યાં છે. આરતીના આ નયનરમ્ય દર્શનથી કૃષ્ણદાસજીના નેત્રો ધન્ય ધન્ય બન્યા છે. રાગ આસાવરીના સ્વરોમાં અને ધ્રુપદની થાપના ઠેકે, સાંભળિયે રાજભોગ આરતીનું આ પદ.

શ્રીરાજભોગઆરતીનુપદ રાગ - આસાવરી તાલ - ધ્રુપદ

(२८) आरती वारत राधिका नागरी ।। तन कनकथार भूषणरत्नदीपक
किये कमलमुक्तावली मंगल उजागरी ।। रुणित कटिमेखला सुभग
घंटावली झालर शंख जे करत उच्चागरी ।। अनुराग छत्र अंचल चमर
नयन चल भाव कुसुमांजली चतुरगुण आगरी ।।२।। सखी यूथन
लिये विविध भोजन किये सुखद गिरिवरधरन रिझवत सुहागरी
।। विष्णुस्वामीपथ श्रीवल्लभपद्म नमत कृष्णदास बड भागरी ।।३।।२।।



Scanned by CamScanner

(૨૯) વનમાં પધારવાનું પદ :-

"વ્રજતે વનકો ચલત કન્હૈયા..........."

રામ બલરામની જોડી આજે સખાવૃંદ સાથે વનતરફ પ્રસ્થાન કરી રહી છે. માતાઓ અને નંદ-સુનંદ, પ્રસન્ન ચિત્તે બન્ને ભાઇઓને વયસ્ક ગોપબાળકોને સોંપી રહ્યાં છે. આ આનંદમય વાતાવરણમાં પણ પ્રભુ એની ગાયોને ભુલ્યા નથી. ગાયો તો પ્રભુને પ્રિયમાં પ્રિય છે. વેદની ઋચા સમી આ ગાયોને આનંદનું દાન દેવા તો પ્રભુ ગોપાલ બન્યા છે. આથીજ તો કન્હૈયો ગાયોનાં સુખનો વિચાર પહેલા કરે છે. પ્રથમ ગૌચારણ કરાવી અને ત્યારબાદ સઘનકુંજમાં બીરાજે છે, અને એ ગાયોનું દૂધ અને ધૈયા પ્રભુ પોતે પણ પીએ છે, અને સહુને પાય છે. આનંદ ઘન પરમાત્મા આ રીતે સહુને પરમાનંદની અનુભૂતિ કરાવી રહ્યાં છે. ભકતકવિ રસિકદાસજીની આ રચના છે. રાગ છે દેશકાર. તાલ છે અધ્ધાત્રિતાલ.

શ્રી વનમાપધારવાનુ પદ  રાગ - દેશકાર   તાલ - અધ્ધા ત્રિતાલ

(૨૯) व्रजते बनको चलत कन्हैया, ग्वाल मंडली मध्य वलमोहन
पेहले चराई गैया ।।१।। नंद सुनंद गोप गोपीजन यशुमति रोहिणी
मैया, बडेरे ग्वालनकों सुत सौंपत पुलकित लेत बलेया ।।२।। दधि
ओदन भाजन भर छीकें एकन कांधे चलैया, मुरली मधुर बजावत
गावत हरी हलधर दोउ भैया ।।३।। बैठे जाय सघनबन अंतर गोदुहि
मथत हैं धैया, आपन पीवत औरन प्यावत रसिक निरख बलजैया ।।४।।



Scanned by CamScanner

(૩૦) ગેંદ ખેલવાનું પદ :-

"નીરખ મુખ ધુંઘટ ઓટ સંવાર્યો..........."

શીતકાલના કોઇ સુહાવના સમયે ગેંદ ખેલતા મનમોહન રાધાજી સન્મુખ જાય છે. ગેંદ ખેલવાને બહાને શ્યામસુંદર નેત્રકટાક્ષો દ્વારા પ્યારીજીને પ્રણય સંકેત કરી રહયા છે. પરંતુ લજ્જાની સાક્ષાત પ્રતિકૃતિ સમાન રાધાજી શરમથી મુખને ધુંઘટમાં છૂપાવી દે છે. એમની લજ્જાજ આજે એમની વેરણ બની છે, જે મનમોહન સાથેના મિલનથી એમને વંચિત રાખે છે. ગેંદના આ પદમાં, દીવ્યચક્ષુથી પ્રભુની લીલાનાં દર્શન કરનાર સૂરદાસજીએ રાધે-શ્યામની પ્રણયવેદી પર, લજ્જાનો અંતરપટ ઓઢાડી દીધો છે

ધનાશ્રીરાગના સુરોથી શોભતું, અને તીનતાલમાં બંધાયેલુ, આ ગેંદ ખેલવાનું પદ સાંભળીએ.

શ્રી ગેંદ લીલાનુ પદ રાગ - ધનાશ્રી. તાલ - ત્રિતાલ

(३०) निरख मुख घूंघट ओट संवार्यो ।। खेलत खेलत
आये लालन ओचक बदन निहार्यो ।।१।। लज्जा बेरिन भईरी मोकुं नेकहू
टरत न टार्यो ।। गेंद उछारत चले सूरप्रभु नेन कटाक्ष सर मार्यो ।।२।।



Scanned by CamScanner

(૩૧) શ્રી ઉત્થાપનનું પદ :-

"સુબલ શ્રીદામા કહયો સખનસોં.........."

ગૌચારણ માટે વનમાં પધારેલા પ્રભુ કુંજમાં વિશ્રામ કરી રહયા છે. સંધ્યાસમય થઇ ગયો છે. અર્જુન સપા શંખ બજાવી ગિરિધરલાલને – જગાવી રહયા છે. શંખનાદ અને મધુર સ્વરગાનથી જાગેલા પ્રભુ, પાનબીરી આરોગી, કમલપુષ્પ હાથમાં લઇ, લટકતી ચાલે ગોકુલગામમાં પધારી રહયા છે. દિવસભર કુંજો અને ગિરિકંદરાઓમાં કરેલી વિધવિધ ક્રીડાઓ દ્વારા, લાલગોપાલ હરિદાસવર્યના એટલે કે ગિરિરાજજીના સર્વ મનોરથોને પૂર્ણ કરે છે. આ દ્રષ્યના દર્શન માત્રથી જ પરમાનંદદાસજીના હૈયે આનંદની હેલી ચઢે છે. રાગ પટદીપના સ્વરે મઢેલા આ પદનો તાલ છે તીનતાલ.

શ્રીઉત્થાપનનું પદ રાગ - પટદીપ.   તાલ - ત્રિતાલ

(३१) सुबल श्रीदामा कह्यो सखनसो अर्जुन शंख बजैये ।। घर
जैवेकी भई है बिरियां श्रीगिरिधरलाल जगैये ।।१।। ठौर ठौरते मधुरी धुनिबाजे
मधुरमधुर स्वरगैये ।। कुंजसदन जाने नंद नंदन मुदित बीरा फल लैये ।।२।।
हरिदासवर्यकि पूरे मनोरथ गोकुल ताप नशैये ।। लटकत आवत कमल फिरावत
परमानंद बढैये ।।३।।



Scanned by CamScanner

(૩૨) શ્રી સંધ્યાભોગનું પદ :-
"ગ્વાલ કહત સુનો હો કન્હૈયા................"

ભક્તકવિ પરમાનંદદાસ રચિત સંધ્યાભોગના આ પદમાં પણ ઉપરના પદ જેવોજ ભાવ સમાયો છે. કુંજમાં પોઢેલા પ્રભુને, ગ્વાલબાલ મધુર શંખધ્વનિથી જગાડી રહયા છે. શંખના મધુરનાદથી જાગેલા પ્રભુ, પુલિંદિજીઓના કંદ-મૂલ ફલનો સ્વીકાર કરી, ગોકુળગામમાં પધારી રહ્યાં છે. સંધ્યાસમયે ગવાતા રાગ છાયાનટમાં, અને તાલ તિનતાલમાં સાંભળીએ આ સંધ્યાભોગનું પદ.

શ્રી સંધ્યાભોગનુ પદ  રાગ - છાયાનટ.  તાલ - ત્રિતાલ

(३२) ग्वाल कहत सुनोहों कन्हैया ।। घर जैवेकी भई बिरीयां दिन रह्यो
घडी छैयां ।।१।। शंखधुन सुन उटे हैं मोहन लावो ह्रो मुरली कहां धैरया ।। भैयां
सगरी बगदावोरेघरको टेर कहत बलदाऊ भैया ।।२।। कंदमूल फल तरमेवा धरी
ओटि किये मुरकैया ।। अरोगत ब्रजराज लाडिलो झूंटन देत लरकैया ।।३।।
उत्थापन भयो पहोर पाछलो वृजजन दरस दिखैया ।। परमानंद प्रभु आये भवनमें
शोभा देख बल जैया ।।४।।



Scanned by CamScanner

(૩૩) આવનીનું પદ :-

"હાંકે હટકિ હટકિ ગાય ઠઠકી ઠઠકી..........."

વ્રજવનિતાઓના કોમલ હૃદયપર કામણગારા કાનુડાએ કરેલા કામણનું આમાં વર્ણન છે. ગાયો ચારીને પ્રભુ ગોકુળની ગલીઓમાથી પસાર થઇ રહયા છે. વ્રજવનિતાઓ ઝૂકીને પ્રભુના દર્શન કરી રહી છે. એટલું જ નહી, ચંપા, કુમુદ, કુરબક, મોગરા ઇત્યાદિ પુષ્પોની સંપતિ વડે, જેણે, વસંતને પણ જીતી લીધી છે, એવી આ હેમંત ૠતુમાં, રસભરી ચંપાકલી અને કુંદકલીઓની વર્ષા પ્રભુપર કરી રહી છે. પુષ્પવર્ષાને બહાને વ્રજનારીઓ, એમાં સંદેશ લખી પ્રભુને સંકેત આપી રહી છે. મનમોજીલા મનમોહન પણ લટક મટકતી ચાલે કોઇના સંકેતનો સ્વીકાર તો કોઈનો અસ્વીકાર કરી આગળ વધતા જાય છે. શ્રી નંદદાસજી રચિત આવનીનું આ પદ એના શબ્દલાલિત્યને કારણે વધુ મનોહર લાગે છે. એની સ્વરગૂંથણી રાગ પૂર્વીમાં કરવામાં આવી છે તાલ છે ચૌતાલ.

શ્રીઆવનીનુ પદ. રાગ - પૂર્વી. તાલ - ચૌતાલ

**(३३) हांकें हटकि हटकि गाय ठठकि ठठकि रही गोकुलकी गली सब सांकरी ।। जारी अटारी झरोखन मोखन झांकत दुरदुर ठौरठौरते परत कांकरी ।।१।। चपंकली कुंदकली वरषत रसभरी तामें पुन देखियत लिखेसे आंकरी ।। नंददासप्रभु जहीजही द्वारें ठाढे होत तहीं तहीं वचन मागंत लटक लटक जात काहूसों हां करी काहूसों ना करी ।।२।।**



Scanned by CamScanner

(૩૪) સંધ્યાઆરતીનું પદ :-
"આરતી કરત જસુમતી મુદિતલાલકો........."
ગૌચારણ કરાવી પ્રસન્ન ચિતે પાછા ફરેલા કુંવરકન્હૈયાની, માતા યશોમતિ આરતી ઉતારે છે કારણ પોતાના લાડિલા કાનકુંવર પર કોઈની કુદ્રષ્ટિ તો નહી પડી હોય એ વિચારે આર્ત બનેલું માતૃહૃદય, આરતીની પ્રજ્વલિત શીખાઓ, શંખના નાદ, અને ઘંટાના ગુંજારવ દ્વારા, બધીએ અલાબલાઓને દૂર કરે છે. વ્રજસુંદરીઓ, આરતી ઉતારતાં માતા યશોદાને અને મંદ મંદ મૃદુ હાસ્ય કરતા મનમોહનને જોઇને પોતાની સુધ-બુધ ખોઈ દે છે. રાગ મધુવંતીના સ્વરોથી શોભતા, અને ઝપતાલમાં નિબધ્દ સંધ્યાઆરતીનાં આ પદમાં છીતસ્વામી વર્ણવે છે કે આવી વ્રજવનિતાઓના યુથને નિહાળવું એ પણ એક લ્હાવો જ છે.
શ્રીસંધ્યા આરતીનું પદ રાગ - મધુવંતી. તાલ - ઝપતાલ
(३४) आरती करति जसुमति मुदित लाल कों । दीप अद्भुत जोति,
प्रगट जगमग होति, वारी वारति फेरी अपनें गोपाल कों ।। बजत घटां ताल,
झालरी संख-धुनि, निरखि ब्रज-सुंदरी गिरिधरन लाल कों । भई मन में फूलि, गई
सुधि-बुधि भूलि, 'छीत-स्वामी' देखि जुवति-जन-जाल कों ।।



Scanned by CamScanner

(૩૫) શૃંગાર વડા કરવાનું પદ :-

"અંગ આભુષણ જનની ઉતારત........."

પુત્રપ્રેમમાં પરવશ માતૃહૃદય, સંધ્યાઆરતી કર્યા બાદ પોતાના બાલગોપાલના અંગો પરથી આભુષણો વડા કરી રહયાં છે. પ્રભુના કંઠમાં શોભતી સુંદર મોતીની માળા, ભુજા ઉપર શોભતા કડાને અને કટિ ઉપરની ક્ષુદ્રાવલી ઉતારવાને બહાને માતા લાલગોપાલના એકે એક શ્રીઅંગનું દર્શન કરી, ધન્યતા અનુભવી રહયાં છે. માતા યશોદા અને માતા રોહિણી, રામ-શ્યામની જોડીને ભુખ લાગી હશે, એમ વિચારી, એમને અંગવસ્ત્ર કરી, અનેક સુગંધી યુક્તપદાર્થો ફૂલ તથા વિવિધ શૃંગારથી સજાવી ભોજન માટે લઈ જાય છે. રાગ ગૌરી, તાલ ત્રિતાલમાં સાંભળિયે સૂરદાસજી રચિત આ પદ.

શ્રીશ્રૃંગાર વડા કરાવવાનું પદ રાગ - ગોરી. તાલ - ત્રિતાલ

(૩૫) अंग आभूषण जननी उतारत ।।दुलरी ग्रीवमाल मोतिनकी
केयुरले भुजा स्याम निहारत ।।१।। क्षुद्रावली उतारत कटीसेंत धरत महीपर
मन वारत ।। रोहिणी भोजन करहु चढाई वारवार कही कर कर आरत ।।२।।
भूखे भए स्याम हलधरपें यह प्रेम विचारत ।। सूरदासप्रभु मात यशोदा पटलै दुहन
अंतर रज झारत ।।३।।



Scanned by CamScanner

(૩૬) શ્રી હરિને નીરખવાના મીસનું પદ :-

"ડગર ચલ ગોવર્ધનકી બાટ............"

કમલનયન શ્રી હરિના દર્શન કરવા ઝંખતી ગોપી, આનગામથી આવેલી અતિથિ ગ્વાલિનીને શ્રી ગોવર્ધન પર્વત, એમાં આવેલી ગિરિકંદરાઓ, અને કુંજ-નિકુંજના દર્શન કરાવવાને બહાને લઈ જાય છે. કારણ ત્યાં ગોવર્ધનની વાટે, ગાયોના વૃંદમાં મનમોહન બીરાજ્યા છે. ભક્તકવિ પરમાનંદદાસજી કહે છે. જેના એક એક રોમપર કોટી-કોટી કામદેવ ન્યોછાવર કરી દેવાની જેની અભિપ્સા છે. એવી, ગોકુળગામની ગોપી, સખીની સાથે શ્યામદર્શન માટે અધિર બની છે. મીસના આ પદનો રાગ છે ભિન્નષડ્જ, અને તાલ છે ત્રિતાલ.

શ્રીહરિને નીરખવાના મિસનું પદ  રાગ - ભિન્નષડજ  તાલ - ત્રિતાલ

(३६) डगर चंल गोवर्धनकी बाट ।। खेलत बीचमिलेंगे मोहन जहा
गोधनके टाट ।।१।। चलरी सखी तोहि जाय मिलाऊं सुंदरवदन सरोज ।।
कमलनयनके एक रोमपर वारों कोटिमनोज ।।२।। पाहुनी एक अनुपम
आई आनगामकी ग्वार ।। परमानंदस्वामीके ऊपर सर्वस्व डारोंवार
।।३।।१०६।।



Scanned by CamScanner

(૩૭) શ્રી (ચન્દ્રપ્રકાશ) ખીલૌનાનું પદ :-

"માંગેરી મોપે ચંદ ખિલૌના.........."

પૂર્ણ પુરૂષોતમ પ્રભુ આજે બાળ રૂપે બાળક જેવી હઠ કરી રહયા છે. કમલનયન આજે મા યશોદા પાસે ચન્દ્રમાની માંગણી કરે છે. જનની સમભાવીને થાકે છે. ચન્દ્રના પ્રતિબિંબ દ્વારા પ્રભુને પ્રસન્ન કરવાનો પ્રયત્ન કરે છે. પણ પ્રભુ કયાં એમ માને તેવા છે. હઠે ચઢેલા પ્રભુએ દોનાની જેમ ઉપાડેલા ગોવર્ધનં પર્વતની સહજતાથી, લીલાત્મક ભાવ દ્વારા, ચન્દ્રપ્રતિબિંબને પણ ઉઠાવી લીધું

પ્રજ્ઞાચક્ષુ શ્રી સૂરદાસજીની બાનીમાંથી પ્રગટેલું આ શ્રી ચન્દ્રપ્રકાશનું પદ છે. રાગ છે ખમાજ તાલ છે કહેરવા.

શ્રીચંદ્ર(પ્રકાશ) ખિલોનાનું પદ. રાગ - ખમાજ. તાલ-કહેરવા

(३७) मावेंरी मोपें चंद खिलोना ।। बरज रही बरजो नही मानत

ऐसो हटीलो जसुमतिजुको छोंना ।।१।। लें प्रतिबिंब दिखावत जननी रें रें रें मेरे

चपल दिठोना ।। सूरदासमोहन हट टान्यो गिरिवरधर्यो जेसें करपर दोंना ।।२।।



Scanned by CamScanner

(૩૮) શ્રી બ્યારૂમાટે વિનંતીનું પદ :-

"તેરે પૈયા લાગું ગિરિધર............."

શ્રી હરિના બાળભાવને વ્યકત કરતું આ બ્યારુ વિનતીનું પદ છે. સાયં ભોજનનો સમય થઇ ગયો છે. માતા બાલ ગોપાલને ભોજન માટે વિનવી રહયાં છે. ભોજન કરતા શ્યામ આજે મસ્તીએ ચઢયા છે. મસ્તીમાં ઉલટ પુલટ થતાં એમણે ધારણ કરેલી ઝગુલિયા ભીંજાય છે. એમની આ ચેષ્ટાથી માતા ખીજાય પણ છે, અને સાથે સ્વહસ્તે તૈયાર કરેલ ફેની, ખુરમા, ખાભ, લાડુ જેવી વિવિધ વાનગીઓ આરોગવા માતા, શ્યામસુંદરને વિનવિ પણ રહ્યાં છે. પરંતુ પોતે આરોગવાને બદલે નંદકુમારતો ગોપ સખાઓમાં આ વાનગીઓ વહેંચી રહ્યાં છે. અરે એ બહાને પ્રભુ ગોપબાળકોને પ્રેમરસનું જ દાન દઇ રહ્યાં છે. પરમાનંદદાસજી રચિત આ બ્યારૂ વિનતીનું પદ છે. રાગ છે ઈમન તાલ છે ઝુમરા

શ્રીબ્યારૂનું પદ. રાગ - ઇમન. તાલ-ઝુમરા

(३८) तेरे पैयां लागूं गिरिधर भोजन कीजे ।। उलटत पलटत झगुलिया
भीजे खीजत खिजावे सुंदर तन छीजे ।।१।। फेनी बावर खुरमा खाजा गुंजामिश्री
लडुवा लीजे ।। बांट देत सब ग्वालबालनकों परमानंद जननी कर लीजे ।।२।।



Scanned by CamScanner

(૩૯) બ્યારૂનું એટલે સાયંભોજનનું પદ :-

"જોઇ જોઇ ભાવે સોઇ સોઇ લીજે............"

પ્રભુની બાળલીલાના દર્શન કરાવતું આ એક સુંદર બ્યારૂનું પદ છે. સંધ્યાટાણે શ્યામસુંદરને માતા હૃદયના ભાવથી પ્રેમપૂર્વક ભોજન કરાવી રહયાં છે. પ્રભુને મનપસંદ મલાઇ, માખણ, મિસરી જેવી વિધ વિધ સામગ્રીઓ માતાએ સ્વહસ્તે તૈયાર કરી છે. પ્રેમથી વિંઝણો ઢોળતી માતા, મન લગાવી ભોજન કરવા બદલે, બાળકનૈયાને અનેક ખીલૌનાની લાલચ પણ આપી રહયાં છે. માતાના હુકમને માન આપી પ્રભુ, પ્રેમથી ભોજન કરી રહ્યા છે. શ્રી રસિકપ્રીતમજી કહે છે, કે, જગતનો નાથ, બાળક બનીને આજે, માતાને સ્નેહનું દાન દઇ રહયો છે. રાગ બાગેશ્રીના સ્વરોમાં શોભતું બ્યારૂનું આ પદ છે. એનો તાલ છે ઝપતાલ.

શ્રી બ્યારૂનુ એટલે સાયંભોજનનુ પદ. રાગ - બાગેશ્રી. તાલ - ઝપતાલ

(३९) जोई जोई भावे सोई सोई लीजे ।। तुम्हारे काजे करकर लाई
मेरो सुफल श्रम कीजे ।।१।। अरुण मलाई माखन मिश्री और ओट्यो पय
पीजे ।। ओदन व्यंजन स्वाद सबे रस भोजन छिनछिन लीजे ।।२।। जेंवो बेग
खेलियें पाछे भोजन में मन दीजे ।। देहों विविध खिलोना तुमकुं मेरो कह्यो पतीजे
।।३।। अलक सवार बीजना ढोरुं बिंदु लगीजे ।। रसीक प्रीतम जननी
संग जेंवत बाललीला रस भीजे ।।४।।



Scanned by CamScanner

(૪૦) ઉસીર દૂધનું પદ :-

"દૂધ પિયો હો કુંવર કન્હાઇ............"

આ યશોદાના હાથનાં મધુર ભોજનથી મુદિત; મનમોહન માટે, વ્રજવનિતા અનેક સુગંધી દ્રવ્યો અને મિઠાઇ મિશ્રિત દૂધ લઇને આવે છે. અંગ ઉપર કરેલા અરગજાના લેપથી, શ્રી અંગ શોભી રહયું છે. દૂધના આ પદમાં કૃષ્ણદાસજી કહે છે કે, મનમોહનના દર્શન માટે આતુર ગોપી, આચમન માટે, સાથે યમુના જલપણ ભરી લાવી છે. સુમધુર રાગ ઈમનના સ્વરોથી શોભતાં, અને તીનતાલમાં નિબદ્ધ આ ઉસીર દૂધના પદનો આનંદ લઇએ.

શ્રીઉસીરદૂધનુ પદ. રાગ-ઇમન. તાલ - ત્રિતાલ

(४०) दूध पियो हो कुंवर कन्हाई । ओट्यो अति ही स्वच्छ भरलाई तामें
अधिक मिठाई ।।१।। सुघर अरगजा अंग लेपन कियो लागत परमसुहाई ।
कृष्णदास भर लाई जमुनोदक अचवन कीजिये आई ।।२।।



Scanned by CamScanner

(૪૧) બીરી આરોગવાનું પદ :-

"લે રાધે ગિરિધર દે પઠઇ અપને મુખકી સુંદર બીરી..........."

પ્રેમરસ નિર્બંધ પણે વહી રહ્યો છે. રસરૂપ રાસબિહારીને, વૃષભાનનંદિની સાથે એકરસ થવાની લગની લાગી છે. આથી જ તો સ્વમુખની સુંદર બીરી, શ્યામસુંદર રાધિકાજીને પાઠવે છે. આ મિલન સંકેત સ્વીકારી રાધારાણી પધારે એની પ્રભુ પ્રતીક્ષા કરી રહયા છે. આ ઝાંખીના દર્શન કરતાં, કુંભનદાસજીના નેત્રો ધન્ય ધન્ય બને છે. બીરીનું આ પદ રાગ કાન્હરાના સ્વરોમાં ગૂંથાયેલું છે તાલ છે રૂપક.

શ્રી બીરી આરોગવાનુંપદ. રાગ - કાન્હરા. તાલ - રૂપક

(४१) ले राधे गिरिधर दें पटई अपने मुखकी सुंदर बीरी ।। सुनोहो संदेशो प्राणपियारेको कित सँकुचत आवो किन नीरी ।।१।। घूंघट खोल नयन भरदेखुं वहां चलो प्रीतमकी चेरी ।। कुंभनदासप्रभु गोवर्धनधर मिल आंको छतिया कर सियरी ।।२।।



Scanned by CamScanner

(૪૨) સેન સન્મુખનું પદ :-

"જર જાઓરી લાજ મેરે એસી કોન કાજ............"

અષ્ટસખામંડળમાંના એક ભકતકવિ શ્રી નંદદાસજી સ્વભાવે રસિક અને ભરપુર કવિત્વશકિત ધરાવતા હતા. પ્રભુની દીવ્ય લીલાઓના અસંખ્ય પદોના રચયિતા, આ ભકતકવિની બાનીમાંથી પ્રગટેલું સેનસન્મુખનું આ પદ છે. લજ્જાએજ જેનું આભુષણ છે. એવી વ્રજવનિતાઓનું, લોકલાજને કારણે શ્યામસુંદર સાથે મિલન સાયુજ્ય સધાતુ નથી. આથી જ વેરણ બનેલી લજ્જા ઉપર ગોપીઓ ક્રોધે ભરાઇને ઉપાલંભ આપતાં કહે છે, કે, જે શ્યામસુંદર સાથે મિલન થતાં અટકાવે છે. એવી અમારી લજ્જા ભલે બળી જાવ. મદનમોહનના મદનબાણથી વિંધાયેલ આ વનિતાઓનાં નેત્રો એમનું તન-મન, એમનું રોમેરોમ શ્યામરંગમાં રંગાઇને રસભીનું બની ગયું છે. રાગ - અડાનાનાં સ્વરોયુકત અને ચૌતાલની સંગતમાં સેનસન્મુખનું આ પદ સાંભળિયે.

શ્રી સંધ્યાભોગ દર્શન સન્મુખનું પદ. રાગ - અડાના. તાલ - ચૌતાલ

(४२) जर जाओरी लाज मेरें ऐसी कोन काज आवें कमलनयन नीके देखन न दीनें । बनतें आवत मारग में भेटभई सकुच रही इन लोगनके लीनें ।।१।।

कोटि यतन कर रहीरी निहारवेकू अंचराकी ओट देदे कोटि श्रमकीने ।। नंददासप्रभु प्यारी ता दिनतें मेरे नयन उनहींकि अंगसंग रंगरस भीनें ।।२।।



Scanned by CamScanner

(૪૩) શયન સન્મુખનું કુંજશયન દર્શનનું પદ :-

"ખંજન નયન રૂપ રસ માતે............."

શીતકાલનો સમય છે, શયન ટાણે પ્રભુ હેમંતકુંજમાં પધાર્યા છે. મંદ મંદ શીતલ પવન વાઇ રહયો છે. રાધારમણ રાવટીમાં બીરાજયા છે. ત્યાં તો સોળે શણગારમાં સજ્જ, સ્વામિનીજી પધારી રહયાં છે. સ્વમિનીજીનું દર્શન થતાં જ, રૂપ-રસથી ભરેલા શ્રીહરિના કમનિય નેત્રોમાં, અનેરુ કામણ અંજાય છે. પલકોના પિંજરમાં પુરાયેલા પ્રભુના નેત્રો, ખંજન પક્ષી બની ઉડાઉડ કરવા લાગે છે. અને શ્યામશ્યામાના નેત્રોનું તારામૈત્રક રચાઇ જાય છે. પ્રભુના નેત્રોને ખંજન પક્ષીની ઉપમા આપી, સૂર અને શબ્દના સ્વામિ સૂરદાસજીની લેખિનીએ આ પદમાં, અવધિ પાર કરી દીધી છે. સુમધુર રાગ કલાવતી, અને તીનતાલમા નિબધ્ધ, સાંભળિયે શયન સન્મુખનું આ પદ.

શ્રીશયન સન્મુખનુંપદ. રાગ - કલાવતી. તાલ - ત્રિતાલ

(४३) खंजन नयन रुप रसमाते ।। अतिशय चारु चपल अनियारे
पल पिंजरा न समाते ।।१।। उडउड जात निकट श्रवणनके उलट फिरत ताटंक
फंदाते ।। सूरदास अंजनगुण अटके न तरु अबहि उडजाते ।।२।।



Scanned by CamScanner

(૪૪) શ્રી શયન આરતીનું પદ :-

"લાલકે વદન પર આરતી વારુ .............."

શયન આરતી સમયે નિકુંજમાં બીરાજેલા પ્રભુ, શ્રુતિ સ્વરૂપા વ્રજવનિતાઓનો આરતીનો મનોરથ પૂર્ણ કરી રહયા છે, તો બીજીબાજુ નંદમહેલમાં, મા યશોદાને પણ પરમ સુખની પ્રાપ્તિ કરાવી રહયા છે. શયન આરતીનો સમય છે, ઝાંઝ, તાલ, ભેરી, મૃદંગ વાગી રહયા છે. રત્નજડીત કનકથાળમાં ઝળહળતી જયોતવાળી આરતી, શ્યામ-શ્યામાની જોડી પરથી મા યશોદા ઓવારી રહયાં છે. એકબાજુ આરતીનો ઉજજવલ પ્રકાશ, અને બીજીબાજુ કોટિ સૂર્યની કાંતિને ઝાંખી પાડતી શ્રીહરિની કમનિય અંગ છબી-સકલ ભુમંડલના તિમિરનો નાશ કરનાર, લાલગિરિધરની રૂપછટા નિહાળતાં, કુંભનદાસજીના નેત્રો થાકતાં નથી. આવો રાગ કેદાર અને ઝપતાલની સંગતમાં શોભતા શયનઆરતીના આ પદનો આનંદ લઇએ.

શ્રીશયન આરતીનુંપદ   રાગ-કેદાર   તાલ - ઝપતાલ

(४४) लालके बदनपर आरती वारुं ।। चारु चितवन करों साज नीकी
युक्ति वाती अगणित घृत कपूरकी बारु ।।१।। संखधुनी भेरी मृदंग झालर झांझताल
घंटाबाजे बहुत वित्तारुं ।।गाऊं गुन स्यामस्यामा रसनको स्वाद रसपरम हरखत
चमर करडारुं ।।२।। कोटि उद्योत रविकांति अंगअंग छबि सकल भूलोकको
तिमिर टारुं ।। दासकुंभन पिय लालगिरिधरनको रुपदेख नयन भर भर
निहारुं ।।३।।



Scanned by CamScanner

(૪૫) શ્રી માનનું પદ :-

"મનાવત હારપરીરી માઇ.............."

માનના આ પદમાં, અચાનક રિસાયેલાં રાધાજીને, પ્રભુ, મિલન માટે સંદેશો પાઠવી રહયા છે. સંદેશવાહક બનેલી દૂતી, રાધાજીને સમજાવીને થાકી છે. વારંવારની આવન - જાવનથી શ્રમિત અને ક્રોધિત પણ બની છે. શ્રીહરિના માહાત્મ્ય કરતા, પોતાના જ માનને વધુ મહત્વ આપતાં રાધાજી સામે, પ્રતિશોધની ઇચ્છાથી, ક્રોધથી વક્ર બનેલી ભ્રુકુટીવાળી દૂતી, રાધાજીને, કૃષ્ણકન્હૈયાની જ દુલ્હનિયા બનાવીને લાવવાનો, મનોમન સંકલ્પ કરી લે છે.

પરમાનંદદાસજીની બાનીમાંથી પ્રગટેલું, આ માનનું પદ છે. જેનો રાગ છે બિહાગરો, તાલ છે તીનતાલ.

શ્રી માનનુંપદ  રાગ - બિહાગરો.  તાલ - ત્રિતાલ

**(४५) मनावत हारपरीरी माई ।। तू चटते मट होत न राधे हो हरी**
**लेन पटाई ।।१।। राजकुमार होयसो जाने के गुरुहोय पढाई ।। नंदनंदन को**
**छांड़ महातम अपनी साखबडाई ।।२।। टोडी हाथचलीदे दूती तिरछी भ्रोह चढाई**
**परमानंदप्रभु करोंगी दुल्हैया तो बाबा की जाई ।।३।।**

(૪૬) શ્રી માન છૂટવાનું કે માનમિલાપનું પદ :-

"શ્યામાજુકો શ્યામ મનાયકે આવત............"

માનુની રાધારાણીને મનાવવા શ્યામસુંદર જાતે પધારે છે. કલહના તોફાન પછી હવે મિલનની શાંતિ સ્થપાય છે. અનેક રહસ્યમય લીલા કરનારો આ સ્વામિ, કઇ અકળ લીલા દ્વારા રાધાજીને મનાવી લે છે. એતો એ નટવર જ જાણે, રાગ બિહાગના સૂરોમાં અને તાલઝપતાલમાં ગૂંથાયેલું, પ્રભુની રસલીલાનું વર્ણન કરતું શ્રી પરમાનંદદાસજી રચિત, આ માનમિલાપનું પદ માણીએ.

શ્રી માન છૂટવાનું ને મિલાપનુંપદ. રાગ-બિહાગ. તાલ - ઝપતાલ

(४६) श्यामाजुकों श्याम मनायके आवत ।। ज्योंज्यों कुंवरचलत
हौलें हौले त्यों त्यों पाछेंपाछें धावत ।।१।। कबहुंक आगें कबहुंक पाछें नयनसों
नयन जुडावत ।। कबहुंक पंथके तनिक तिनकादूर करनकों धावत ।।२।।
कबहुंक लक्षणता रहीहै मानकी तातें अधिक छवि पावत ।। जो मदमत्त मातंग
मातेते डरपत रहत महावत ।।३।। अतिशय शंक मोहन अति आतुर बानिक
बहुत बनावत ।। परम रहसि गिरिधर रसलीला जन परमानंद गावत ।।२।।



Scanned by CamScanner

(૪૭) શ્રી પોઢવાનું પદ :-

"નીકી ઋતુ લાગત હૈ અતિ સીત કી................"

શીતકાલનું સામ્રાજ્ય ચારેકોર ફેલાયું છે. ઠંડીમાં રાત્રિનો અંધકાર વધુ ઘેરો બન્યો છે. માન-મિલાપ બાદ, શ્યામ-શ્યામા સુખસૈયામાં પોઢી રહ્યાં છે. શીતકાલના ફલસ્વરૂપે, રાત્રિના અંધકારની જેમ, પ્રેમપ્રવાહ પણ વધુ પ્રગાઢ બની રહયો છે. યુગલ સ્વરૂપનો આનંદ, પરમાનંદમાં પલટાઇ રહયો છે. શયનકક્ષના પ્રજ્વલિત દીપકો ઝગમગી રહયા છે. લલિતાદિક સખીઓ મધુર સ્વરે ગાન કરી રહી છે. આનંદ સ્વરૂપ રસાત્માના પરમ સુખમાં નિમિત્ત બનવાથી, હેમંત સખી પણ અતિ પ્રસન્ન છે. કારણકે સચ્ચિદાનંદ ધન પ્રભુની, દીવ્ય, મધુર, રસમયી લીલાના રહસ્યને જાણવાનું સૌભાગ્ય, કોઇ કોઇ વિરલા જ પ્રાપ્ત કરી શકે છે. સાંભળિયે શ્રી ગદાધરદાસજીની બાનીમાંથી પ્રગટેલુ, આ પોઢવાનું પદ. રાગ છે તિલંગ અને તાલ છે અધ્ધા ત્રિતાલ.

શ્રી પોઢવાનુંપદ  રાગ-તિલંગ.  તાલ - અધ્ધા ત્રિતાલ

(૪૭) नीकी ऋतु लागत हैं अति सीत की ।। अंस भुजा दे पोढे
पिय प्यारी बात करत रसरीत की ।।१।। बन गइ एक रजाई भीतर होत परस्पर
जीतकी ।।गदाधर प्रभु हेमन्त मनावत चाह बढी नव प्रीत की ।।२।।



Scanned by CamScanner

(૪૮) શ્રી ને, વિનંતી ને આશ્રયનું પદ :-

"ભૂલ જીનજાય મન અનત મેરો............."

શ્રી રસિકદાસજીના મનોભાવોને વ્યકત કરતું, વિનતી - આશ્રયનું આ પદ છે. ભકતહ્રદય અહીં એજ ઝંખે છે. આર્ત બનીને પ્રર્થના કરે છે, કે હે પ્રભુ મારા મસ્તક ઉપર આપનો કૃપામયહસ્તધરો, મારાભવ દુઃખનો નાશ કરી, મને આપની શરણમાં લો. હું મારા દેહ, ગેહ, લોક, પરલોક સહિત, આપના ચરણોની શીતલ છાયામાં આવ્યો છું. આપના ચરણનું શરણ છોડી, મારું મન બીજે કયાંય ન ભટકે એવી કૃપા કરો. હું આપને આશરે છું. હે શ્યામસુંદર, હાથ જોડી હું એટલું જ માંગુ છું, એજ વિનતી કરું છું, કે મને આપના ચરણકમલનો દાસ બનાવો. રાગ-બિહાગ સ્વરોમાં શોભતું, અને કહેરવા તાલમાં સાંભળિયે આ વિનંતી - આશ્રયનું પદ.

શ્રી વિનંતી ને આશ્રયનું પદ. રાગ - બિહાગ તાલ-કહેરવા

(૪૮) भुल जिनजाय मन अनत मेरो ।। रहों निशदिवस
श्रीवल्लभाधीश पद कमलसों लाग बिना मोलको चेरो ।।१।।अन्य संबंधते
अधिक डरपत रहों सकलसाधन हुतें कर निवेरो ।। देह यह लोक पर -
लोंकलों भजो सीतलचरण छांड अरुझेरो ।।२।। इतनी मांगत महाराज करजोरकें
जैसोहों तैसो कहाऊं तेरो ।। रसिक शिरकर भवदुःख परिहरो करोकरुणा मोहि
रमणनेरो ।।३।।



Scanned by CamScanner

(૪૯) આશ્રયની ધૂન :-

"ગોવિંદ મેરો હૈ, ગોપાલ મેરો હૈ................"

ખૂબ સુંદર, સરળ ભાષાશૈલીમાં આલેખાયેલી, નિરોધ પ્રાપ્તિ માટે આ આશ્રયની ધૂન છે. ભગવાન સાથે દ્રઢનિષ્ઠાથી નીરોધ પામી ચુકેલું ભકતહૃદય ભાવવિભોર બની ગાઇ રહયું છે, કે, મસ્તક ઉપર મોરપિંછને ધારણ કરનારો એશ્રીનાથ, જે શ્રી - વલ્લભનો, શ્રી વિઠ્ઠલનો, શ્રી નંદ-યશોદા અને વ્રજભકતોનો પ્રાણપ્યારો છે. જેણે ગોવર્ધનને ધારણ કર્યો છે, જે ગોપી-ગ્વાલોનો રખવાળો છે, એ ગોપાલ, એ ગોવિંદ મારો છે. ગો એટલે ઇન્દ્રિયો આ સમગ્ર વિશ્વમાં વસતા જીવોની ઇન્દ્રિયોનું નિયમન કરનાર, અંતર્યામી સ્વરૂપે રહેલો પરમાત્માજ ગોપાલ બન્યો છે.

ભકતવત્સલ ભગવાન, ગોપાલ કહેવાય છે. કારણકે ગાય પ્રભુને અતિપ્રિય છે. આ ગૈયાઓના હિતમાટે, દિવસભર ગોચારણ કરે છે, ગિરિવરને ધરે છે. ઇન્દ્રમાનભંગ પ્રસંગે, સુરભિગાયના સ્તનમાંથી ઝરતી અમીધારાઓનાં અભિષેકને કારણે એ ગોવિંદ પણ કહેવાયો છે-એ ગોવિંદ મારો છે, એ ગોપાલ મારો છે, ભાવભિવોર બની માણીએ આ સુંદર ધૂનને.

મોર મુકુટ કટી કાછની, ઔર ઉર બૈજંતીમાલ.

યહ બાનીક મેરે મન બસો સદા બિહારીલાલ.

ધૂન :-

(૪૯) ગોવિંદ મેરો હૈ, ગોપાલ મેરો હૈ

શ્રી યમુનાજીકો પ્યારો, શ્રીનાથ મેરો હૈ, ગોવિંદ મેરો હૈ, ગોપાલ મેરો હૈ.



Scanned by CamScanner

શ્રી વલ્લભલાલજીકો પ્યારો, શ્રીનાથ મેરો હૈ, ગોવિંદ મેરો હૈ ગોપાલ મેરો હૈ.
શ્રી વિઠ્ઠલનાથજીકો પ્યારો, શ્રીનાથ મેરો હૈ, ગોવિંદ મેરો હૈ ગોપાલ મેરો હૈ.
જાને મોર મુકુટ ધાર્યો, વો શ્રીનાથ મેરો હૈ, ગોવિંદ મેરો હૈ ગોપાલ મેરો હૈ.
શ્રી યશોદા મૈયાકો દુલારો, શ્રીનાથ મેરો હૈ, ગોવિંદ મેરો હૈ ગોપાલ મેરો હૈ.
શ્રી નંદરાયજીકો પ્યારો, શ્રીનાથ મેરો હૈ, ગોવિંદ મેરો હૈ ગોપાલ મેરો હૈ.
શ્રી ગોપી-ગ્વાલનકો રખવારો, શ્રીનાથ મેરો હૈ, ગોવિંદ મેરો હૈ ગોપાલ મેરો હૈ.
જાને ગિરિગોવર્ધન ધાર્યો, શ્રીનાથ મેરો હૈ, ગોવિંદ મેરો હૈ ગોપાલ મેરો હૈ.
વ્રજભકતનકો પ્રાણ પિયારો, શ્રીનાથ મેરો હૈ, ગોવિંદ મેરો હૈ ગોપાલ મેરો હૈ.

શ્રી. વલ્લભકૃપાકીર્તન મંડળના વિધ્યાર્થીવૃંદ દ્વારા રજૂ થયેલી આ આશ્રયની ધૂન સાથે જ "શીતકાલ સુહાવનો " કેસેટનું અહીં સમાપન થાય છે. કીર્તનકાર શ્રી યમુનાપ્રસાદજી શર્મા, લેખિકા અને ઉદઘોષિકા શ્રીમતી કલ્પના શાહ, પરિષદના સર્વ આયોજકો, શંખનાદવાદક શ્રી સુરેશજી મુખિયા, ઝાલર- ઘંટા વાદક શ્રી વલ્લભ મુખિયા, સારંગીવાદક શ્રી. વી. ટી. સ્વામિ, તબલા અને મૃદંગવાદક - શ્રી સૂર્યકાંત જાધવ, તાનપુરાવાદક કુ. ખ્યાતિ દ્વારકાદાસ, બાંસુરીવાદક શ્રી ભગવતિપ્રસાદ ભટ્ટ અને સાઇડ રીધમ વાદક શ્રી હીતેન પાઠકના સર્વ વૈષ્ણવોને સાદર ભગવત સ્મરણ.

અહી એક વસ્તુ સ્પષ્ટ કરવી આવશ્યક છે કે, નિરોધ પ્રપ્તિ માટે, પ્રભુની દીવ્યલીલાઓમાં અવગાહન કરવું અતિ આવશ્યક છે. આ દીવ્યલીલાઓની અનુભૂતિ માટે કીર્તનો એ અતિ સબળ માધ્યમ છે. આ કીર્તનોના રસપાન દ્વારા નિરોધ પ્રાપ્તિ કરી શકાય એ હેતુથીજ "શીતકાલ સુહાવનો" કેસેટમાં પ્રભુની



Scanned by CamScanner

અષ્ટયામ સેવાની લીલાઓને આવરી લેતાં, પચાસ જેટલા કીર્તનો રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. ફરી એકવાર સર્વ વૈષ્ણવોને સાદર ભગવત્ સ્મરણ. અંતમાં રજૂ કરીએ છીએ સદા સુહાગન રાગ ભૈરવિના સૂરોમાં, અને તાલ ત્રિતાલમાં ગૂંથાયેલું, આ આશ્રયનું પદ.

આશ્રયનું પદ :-

(૫૦) રાગ - ભૈરવ   તાલ - ત્રિતાલ

તરેટી શ્રી. ગોવરધનકી રહીયે, નીતપ્રતિ મદનગોપાલલાલકે, ચરણકમલ ચિત લૈયેં. (૧)

તન પુલકિત, વ્રજરજમેં લોટત  ગોવિંદ કુંડમેં ન્હૈયે.

રસિકપ્રીતમ હિતચિતકી બાતે  શ્રી. ગિરિધારીજીસોં કહીયે (૨)



Scanned by CamScanner